નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ । Date :28 OCTOBER 2024 । MONDAY । Page :8 । Year : 2 । Issue :179 । Price: 2/-









# ડિજિટલ એરેસ્ટ મુદ્દે લોકોને સાવચેત રહેવાની વડાપ્રધાન મોદીની અપીલ

દેશમાં વધી રહેલા સાયબર ફ્રોડના કેસોને ધ્યાનમાં રાખતાં આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મન કી બાતમાં દેશવાસીઓને ડિજિટલ ફ્રોડથી સાવધાન રહેવા સલાહ આપી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ 'ડિજિટલ અરેસ્ટ' છેતરપિંડી વિશે ચેતવણી આપતાં કહ્યું હતું કે કોઈ પણ સરકારી એજન્સી ફોન પર ધમકી આપીને પૈસા માંગતી નથી. તેમણે કહ્યું કે આ પ્રકારની છેતરપિંડી સાથે સંકળાયેલા લોકો પોલીસ, સીબીઆઈ, આરબીઆઈ અથવા નાર્કોટિક્સ ઓફિસર હોવાનો દેખાડો કરી લોકોને ડરાવી-ધમકાવી લૂંટી રહ્યા છે.

'મન કી બાત'ના ૧૧૫માં એપિસોડમાં વડાપ્રધાન મોદીએ 'ડિજિટલ અરેસ્ટ' ફ્રોડ કેવી રીતે કરવામાં આવે છે તે અંગે વિગતવાર માહિતી આપી સમજાવ્યું હતું કે, છેતરપિંડી કરનારાઓનું પહેલું પગલું તમારી અંગત માહિતી એકત્રિત કરવાનું છે. બીજું પગલું ભયનો માહોલ ઊભો કરવાનો છે અને ત્રીજું સમયનું દબાણ. લોકો એટલા ડરી જાય છે કે તેઓ વિચારવાની અને સમજવાની શક્તિ ગુમાવી દે છે. તમામ વયજૂથના લોકો આ પ્રકારની છેતરપિંડીનો ભોગ બને છે અને સમાજના તમામ વર્ગના ઘણા લોકો તેમની મહેનતથી કમાયેલા પૈસા ગુમાવે છે.

શું છે ડિજિટલ અરેસ્ટ?

ડિજિટલ અરેસ્ટમાં ગુનેગાર પોતે પોલીસ, સીબીઆઈ, આરબીઆઈ કે નાર્કોટિક્સ ઓફિસર જેવા ઉચ્ચ પદના અધિકારી હોવાનો ડોળ કરે છે. અને પીડિતને ફોન કરી તેને ખોટા કેસમાં સંડોવણી હોવાનો આરોપ મૂકે છે. જેથી પીડિત ડરી જાય છે.

# મોદી કાલે ૭૦ કે તેથી વધુ વર્ષના નાગરિકો માટે આયુષ્યમાન સ્કીમ ખુલ્લી મૂકશે



આયુષ્યમાન ભારત પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના (એબી-પીએમજેએવાય) હેઠળ ૭૦ વર્ષ અને તેનાથી વધુ ઉંમરના તમામ નાગરિકો માટે વડાપ્રધાન મોદી દ્વારા આરોગ્ય વીમાની શરૂઆત ૨૯ ઓક્ટોબરે થવાની સંભાવના છે તેમ સત્તાવાર સૂત્રોએ આ માહિતી આપી હતી.

નિયમિત ટીકાકરણનું ઈલેક્ટ્રોનિક રજિસ્ટર બનાવી રાખવા માટે વિકસિત યુ-વિન પોર્ટલને પણ તે જ દિવસે વડાપ્રધાન દ્વારા શરૂ કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ બે ઉપરાંત મંગળવારે કેટલાક અન્ય પ્રોજેક્ટ્સ પણ શરૂ કરવામાં આવશે.

૭૦ વર્ષથી વધુ ઉંમરના તમામ નાગરિકોને તેમની આવક ધ્યાનમાં લીધા વગર આયુષ્યમાન ભારત પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજનામાં આવરી લેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સરકારના આ નિર્ણયથી ૬ કરોડ વરિષ્ઠ નાગરિકોને ફાયદો થશે. આ સ્કીમ હેઠળ ૭૦ વર્ષથી વધુ ઉંમરની વ્યક્તિ પછી ભલે તે ગરીબ હોય કે ધનવાન તમામને મફતમાં પાંચ લાખ રૂપિયાની મફત સારવાર આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધીમાં ૧૨૬૯૬ ખાનગી હોસ્પિટલો સહિત ૨૯૬૪૮ હોસ્પિટલોમાં એબી-પીએમજેએવાયના લાભાર્થીઓને મફત સારવાર આપવામાં આવે છે. દિલ્હી, ઓડિશા અને પશ્ચિમ બંગાળને છોડીને દેશના ૩૩ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં આ યોજના અમલી છે. આધાર કાર્ડ અનુસાર જે વ્યક્તિની ઉંમર ૭૦ કે તેથી વધારે હોય તે આ સ્કીમ માટે અરજી કરી શકે છે તેમ સૂત્રોએ જણાવ્યું છે.

# આજે ગુજરાતની ત્રણ સહિત ૫૦ ફ્લાઈટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

દેશમાં છેલ્લા કેટલાક દિવસથી ફ્લાઈટ, હોટલ સહિતને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી રહી છે. જેમાં છેલ્લા ૧૪ દિવસમાં ભારતીય કેરિયર્સ દ્વારા સંચાલિત ૩૫૦થી વધુ ફ્લાઈટ્સને હોક્સ બોમ્બની ધમકીઓ મળી છે, જેમાંથી મોટાભાગની ધમકી સોશિયલ મીડિયા થકી મળી.

મળતી માહિતી પ્રમાણે, ભારતીય એરલાઈન્સ દ્વારા સંચાલિત ઓછામાં ઓછી ૫૦ ફ્લાઈટ્સને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળી હતી. જેમાંથી ધમકીને પગલે બે ફ્લાઈટ્સને રવિવારે (૨૭ ઑક્ટોબર) ડાયવર્ટ કરવામાં આવી હતી. ઈન્ડિગોને ૧૮ ફ્લાઈટ્સ અને વિસ્તારાને ૧૭ ફ્લાઈટ્સને ધમકીઓ મળી હતી. અકાસા એરએ રવિવારે (૨૭ ઑક્ટોબર) જણાવ્યું હતું કે, તેની ૧૫ ફ્લાઈટ્સને સુરક્ષા ચેતવણીઓ મળી છે અને સંપૂર્ણ તપાસ કર્યા પછી, તમામ એરક્રાફ્ટને ઓપરેશન માટે છોડી દેવામાં આવ્યા છે.

અધિકારીના જણાવ્યા પ્રમાણે, આ ધમકીને પગલે ઈન્ડિગોની ઓછામાં ઓછી બે ફ્લાઈટ્સ ડાયવર્ટ કરવામાં આવી હતી. જેમાં પૂણે-જોધપુરની ફ્લાઈટને અમદાવાદ તરફ અને કોઝિકોડ-દમ્મામની ફ્લાઈટને મુંબઈ ડાયવર્ટ કરવામાં આવી હતી.

ઈન્ડિગોના સ્ટેટમેન્ટ અનુસાર, ગોવા-અમદાવાદ, અમૃતસર-અમદાવાદ, બેંગલુરુ-ઝારસુગુડા, કોલકાતા-પુણે, જેદ્દાહ-મુંબઈ, દિલ્હી-ઈસ્તાંબુલને ધમકી આપવામાં આવી. આ ઉપરાંત, હૈદરાબાદ-બાગડોગરા, દિલ્હી-બેંગલુરુ, બેંગલુરુ-દિલ્હી, રાયપુર-હૈદરાબાદ, મુંબઈ-કોલકાતા, અમદાવાદ-લખનૌ, સહિતની ફ્લાઈટ્સને ધમકી મળી છે.


કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કે રામમોહન નાયડુએ રવિવારે જણાવ્યું હતું કે, આ નકલી ધમકીઓને રોકવા માટે આંતરરાષ્ટ્રીય એજન્સીઓ, ઈન્ટેલિજન્સ બ્યુરોનો ટેકો લેવા ઉપરાંત, કેન્દ્ર સરકાર બે નાગરિક ઉડ્ડયન કાયદામાં પણ સુધારો કરવાની વિચારણા કરી રહી છે. ફ્લાઈટ્સને હોક્સ બોમ્બની ધમકીને લઈને આઈટી મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સની જવાબદારીઓનું પાલન કરવા સહિત આઈટી નિયમો હેઠળ કડક કાર્યવાહી કરવા જણાવ્યું.

દેશમાં અનેક જગ્યાએ ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ પેસેન્જર ફ્લાઈટને બોમ્બથી ઉડાડી દેવાની ધમકીનો સિલસિલો યથાવત છે.



તંત્રી લેખ
–રાજેશ યુ. બગડાઈ

# સુકોમેવો અને ચોકલેટનું વધતું ચલણ



દેશના વિવિધ કૃષી કોમોડિટીઝ બજારોમાં દિવાળીના તહેવારો પૂર્વે ચહલ પહલ તથા રોનક વધતી જોવા મળી છે. દિવાળી પૂર્વે ખાસ કરીને સૂકામેવાની બજારોમાં મોસમી માગ વધતી જોવા મળી છે.

સૂકા મેવા ઉપરાંત ચોકલેટસનું ચલણ તાજેતરના વર્ષોમાં દિવાળી પૂર્વે વધતું રહ્યું છે. કોર્પોરેટ ગીફ્ટીંગમાં પણ હવે મીઠાઈઓનું ચલણ ઘટ્યું છે તથા સૂકોમેવો અને ચોકલેટસનું ચલણ વધતું હોવાનું બજારોના જાણકારોએ જણાવ્યું હતું. લોકો હવે આરોગ્ય માટે વધુ સભાન બન્યા છે તથા સુગર ઓછી હોય એવા પદાર્થો હવે વધુ વપરાતા થયા છે. સૂકામેવામાં બદામ તથા કાજુ ઉપરાંત અખરોટ અને પીસ્તા તથા એલચીની માગ તહેવારોના દિવસોમાં વિશેષ જોવા મળે છે.

દરમિયાન, એલચી બજારના સૂત્રોના જણાવ્યા મુજબ વર્તમાન હાર્વેસ્ટ મોસમમાં દેશમાં એલચીના ઉત્પાદનમાં ખાસ્સી પીછેહટ જોવા મળી છે. એલચીનું ઉત્પાદન આ મોસમમાં આશરે ૩૫થી ૪૦ ટકા ઓછું થવાની ભીતિ સૂત્રો  બતાવી રહ્યા હતા.

એલચીનું ઉત્પાદન દક્ષિણ ભારતમાં વિશેષ થાય છે. એલચીના ઉત્પાદક મથકોના સૂત્રોના જણાવ્યા મુજબ આ વર્ષે, ફેબ્રુઆરીથી મે દરમિયાનના મહિનાઓમાં દુકાળ જેવી સ્થિતિ તથા ત્યારબાદ જૂનથી ઓગસ્ટ દરમિયાન વ્યાપક વરસાદના પગલે એલચીના ઉત્પાદન  પર ખાસ્સી પ્રતિકૂળ અસર જોવા મળી હોવાનું આ સૂત્રો જણાવી રહ્યા હતા.

એલચીમાં ઓછા ઉત્પાદનના નિર્દેશો વહેતા થતાં એલચીના બજાર ભાવમાં તેજીનો કરન્ટ જોવા મળ્યો છે. એલચીના બજારભાવ કિલોના રૂ.૨૦૦૦ની ઉપર બોલાતા થયા હતા તથા એલચીના ઓકશનોમાં ઉંચામાં ભાવ રૂ.૨૨૦૦થી ૨૩૦૦ સુધી પણ ટ્રેડ થતા જોવા મળ્યા હતા.

કેરળમાં ઈડુક્કી વિસ્તારમાં એલચીનું ઉત્પાદન તથા એલચીના વેપારો વિશેષ થાય છે આ ઈડુક્કી  ખાતેથી મળેલા સમાચાર મુજબ આ વર્ષે એલચીના ઉત્પાદનમાં ઓછામાં ઓછી ૩૦થી ૪૦ ટકાની ઘટ પડવાની શક્યતા જણાય છે. ગયા વર્ષે એલચીનું ઉત્પાદન આશરે ૨૫ હજાર ટન થયું હતું.


તેની સામે આ વર્ષે એલચીનું ઉત્પાદન ૩૦થી ૪૦ ટકા ઓછું થવાની ભીતિ બતાવાતી થતાં દિવાળી પૂર્વે દેશના એલચી બજારોમાં  ભાવ ઉંચા જતા જોવા મળ્યા છે. ઉત્પાદક મથકોએ ઘણાં ઓકશનોમાં જૂના માલો વેંચાતા જોવા મળ્યા હતા.આ વર્ષે ફેબ્રુઆરીથી શરૂ થયેલી સખત ગરમી તથા દુકાળ જેવી સ્થિતિ મે મહિના સુધી ચાલી હતી  અને તેના કારણે એલચીના છોડવાઓને અસર પડી હતી તથા આરંભની હાર્વેસ્ટ પર પણ તેની અસર દેખાઈ હતી.

જૂન તથા ઓગસ્ટ દરમિયાન વ્યાપક વરસાદ થતાં તેના પગલે એલચીના છોડવાઓ પર પ્રતિકૂળ અસર વધુ ઘેરી બની હતી તથા પાક પર ફંગસની અસર પડી હતી. અને તેના પરિણામે એલચીની ઉત્પાદકતાને અસર પડી હતી.

પવન જોરથી ફૂંકાતા તેના કારણે પણ એલચીના છોડવાઓને ખાસ્સું નુકશાન પહોંચ્યું હતું. ભારતના બજારોમાં એલચીના ભાવ ઉંચા જતાં વૈશ્વિક સ્તરે ભારતની એલચીમાં  રહેતી માગ ગ્વાટેમાલામાં બનતી એલચી તરફ વળ્યાના વાવડ પણ મળ્યા હતા. ભારતની એલચી ગુણવત્તાના સંદર્ભમાં વિશ્વ બજારમાં જો કે વધુ વખણાય છે પરંતુ ગ્વાટેમાલાનો માલ આપણા માલો કરતાં કિફાયતી રહેતાં ભારતથી થતી એલચીની નિકાસ પર તેની અસર દેખાઈ છે.  ભારતના એલચીમાં અગાઉ ગલ્ફના દેશોની માગ વધુ રહેતી હતી પરંતુ ભારતના માલો મોંઘા થતાં ગલ્ફની માગ ગ્વાટેમાલાની એલચી તરફ વળ્યાની ચર્ચા બજારમાં સંભળાઈ હતી. એલચી બજારની નજર હવે દિવાળીના તહેવારોની મોસમી માગ પર રહી છે.નવેમ્બર-ડિસેમ્બરમાં માગ સારી રહેવાની આશા પણ બજારના જાણકારો બતાવી રહ્યા હતા.

# શિયાળુ સત્રમાં જમ્મુ-કાશ્મીરને પૂર્ણ રાજ્ય બનાવવાનો પ્રસ્તાવ

## રાજ્યની પુનઃ રચના પછી પ્રથમ સત્ર જમ્મુ શહેરમાં યોજાશે




નવી દિલ્હીઃ જમ્મુ-કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવા માટે કેન્દ્ર સરકારમાં ટોચના સ્તરે સમજૂતી થઈ છે. નવેમ્બરના અંતિમ અઠવાડિયામાં શરૂ થઈ રહેલા સંસદના શિયાળુ સત્રમાં આને લગતો પ્રસ્તાવ લાવવામાં આવશે. હકીકતમાં, કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરના પ્રથમ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહને મળ્યા હતા. આ પછી સરકાર તરફથી આ દિશામાં પહેલ શરૂ થઈ ગઈ છે.

સરકારે સંસદમાં રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાની ખાતરી આપી હતી. કેન્દ્રશાસિત પ્રદેશમાં તાજેતરની ચૂંટણીઓ પછી રચાયેલી પ્રથમ સરકારની કેબિનેટે રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાનો પ્રસ્તાવ પસાર કર્યો હતો અને તેને લેફ્ટનન્ટ ગવર્નર (એલજી)ને મોકલ્યો હતો. એલજીએ આ પ્રસ્તાવને મંજૂરી આપી છે અને તેને ગૃહ મંત્રાલયને મોકલી દીધો છે. આ સીધો સંકેત છે કે રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવામાં કોઈ વિલંબ થશે નહીં.

રાજ્યની પુનઃસ્થાપના સાથે, પોલીસ, કાયદો અને વ્યવસ્થા ચૂંટાયેલી સરકારના અધિકાર હેઠળ રહેશે. પોલીસ પર રાજ્ય સરકારનું સીધુ નિયંત્રણ થશે.

રાજ્યની ચૂંટાયેલી સરકારને જમીન, મહેસૂલ અને પોલીસને લગતી બાબતોમાં કાયદો બનાવવાનો અધિકાર મળશે.

સરકાર ચલાવવામાં લેફ્ટનન્ટ ગવર્નરની દખલગીરી ઓછી થઇ જશે.નાણાકીય મદદ માટે કેન્દ્ર પર નિર્ભરતા સમાપ્ત થશે. અન્ય રાજ્યોની જેમ જમ્મુ અને કાશ્મીરને પણ નાણાં પંચ તરફથી આર્થિક સહાય મળશે.

દેશમાં પ્રથમ વખત કોઈ રાજ્યને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવ્યું હતુ. આવી સ્થિતિમાં રાજ્યનો દરજ્જો પાછો મળવાથી લોકોનો વિશ્વાસ મજબૂત થશે.પીએમ અને ગૃહમંત્રી સાથેની બેઠકમાં ઓમરે રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાની વિનંતી કરી હતી.

તેમને આ વર્ષે રાજ્યની પુનઃસ્થાપનની ખાતરી મળી છે. લદ્દાખ કેન્દ્રશાસિત પ્રદેશ જ રહેશે. ૨૦૧૯ માં કલમ ૩૭૦ અને ૩૫અ ના નિષ્ક્રિયકરણ પછી, ૨ કેન્દ્રશાસિત પ્રદેશો, જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખ બનાવવામાં આવ્યા હતા.કેન્દ્રએ ‘દરબાર મૂવ’ પરનો પ્રતિબંધ હટાવી લીધો છે. હવે પહેલાની જેમ શિયાળામાં રાજધાની જમ્મુ અને ઉનાળામાં શ્રીનગર હશે.

# હૈદરાબાદમાં ફટાકડાની દુકાનમાં ભીષણ આગ, બચવા માટે નાસભાગ મચી

હૈદરાબાદના એબિડ્સ વિસ્તારમાં આજે (૨૭ ઓક્ટોબર) ફટાકડાની દુકાનમાં ભીષણ આગ લાગી છે, જેના કારણે આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. આગ એટલી ભયાનક છે કે, દૂર દૂર સુધી આગના ગોટા જોવા મળી રહ્યા છે. આગના કારણે દુકાનની પાસે અનેક વાહનોને નુકસાન થયું છે. આગ પર કાબૂ મેળવવા માટે ફાયર બ્રિગેડના આઠ વાહનો ઘટનાસ્થળે પહોંચી ગયા છે.

નજરે જોનારાઓએ કહ્યું કે, દુકાનમાં ફટાકડાનો મોટો જથ્થો હોવાના કારણે આગ ઝડપથી ફેલાઈ હતી. ભીષણ આગે આસપાસની દુકાનોને પણ ઝપટે લીધી છે. વિકરાળ આગના કારણે આસપાસની બિલ્ડિંગોને પણ નુકસાન થવાની સંભાવના હોવાથી તુરંત ખાલી કરાવી દેવાઈ છે. ઘટનાસ્થળે હાજર લોકોએ તાત્કાલિક પોલીસ અને ફાયર સર્વિસને જાણ કરી હતી. ફાયર બ્રિગેડે આગને કાબુમાં લેવા માટે તમામ પ્રયાસો શરૂ કરી દીધા છે અને લગભગ એક કલાકની જહેમત બાદ આગ કાબૂમાં આવી ગઈ છે.

# આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતમાં, વડોદરા અને અમરેલીમાં વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી સવારે સી-૨૯૫ એરક્રાફ્ટના ઉત્પાદન માટે ટાટા એરક્રાફ્ટ કોમ્પ્લેક્સનું સંયુક્તપણે ઉદઘાટન કરશેઃ વડોદરામાં સ્પેનના વડાપ્રધાન સાથે લક્ષ્મી વિલાસ પેલેસની મુલાકાત લેશે, બપોરે અમરેલીમાં દુધાળામાં ભારત માતા સરોવરનું લોકાર્પણ કરશે**



વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ૨૮ ઓક્ટોબરના રોજ ગુજરાત આવવાના છે. વડોદરા અને અમરેલીમાં તેઓ વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. વડોદરામાં સવારે ટાટા કેમ્પસ સહિતના કાર્યક્રમોમાં હાજરી આપ્યા બાદ તેઓ અમરેલી જશે. જ્યારે ૪૮૦૦ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી સવારે ૯ વાગ્યાની આસપાસ ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ (ટીએએસએલ) કેમ્પસમાં સી-૨૯૫ એરક્રાફ્ટના ઉત્પાદન માટે ટાટા એરક્રાફ્ટ કોમ્પ્લેક્સનું સંયુક્તપણે ઉદઘાટન કરશે. આ તકે તેમની સાથે સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝ ઉપસ્થિત રહેશે. ત્યારબાદ ૧૦ વાગ્યાની આસપાસ સ્પેનના વડાપ્રધાન સાથે લક્ષ્મી વિલાસ પેલેસની મુલાકાત કરશે.

વડાપ્રધાન મોદી બપોરે ૧.૪૫ વાગ્યે વડાપ્રધાન મોદી અમરેલી જિલ્લાના દુધાળામાં ભારત માતા સરોવરનું લોકાર્પણ કરશે. બપોરે ૨ વાગ્યાની આસપાસ લાઠીમાં ૪૮૦૦ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે. બપોરે ૩ વાગ્યાની આસપાસ દુધાળામાં નારણ સરોવર અને હેતની હવેલીની મુલાકાત લેશે.પ્રકાશ પર્વ દિપાવલી પૂર્વેના આજે અંતિમ રવિવારે શહેરના બજારમાં ખરીદીનું ઘોડાપૂર આવ્યું હતું. શહેરના તમામ બજારોમાં નાની-મોટી ચીજવસ્તુઓ ખરીદવા માટે લોકોએ ભારે ધસારો કર્યો હતો. બીજી બાજુ વડાપ્રધાનના કાર્યક્રમના કારણે અનેક રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા હોવાથી ઠેર-ઠેર ટ્રાફિકજામ થઇ ગયો હતો.

## પ્રવાસીઓને ઝટકો! દિવાળી પહેલા ગિરનાર રોપ-વેમાં એક ઝાટકે ૯૯ રૂપિયાનો વધારો

ગુજરાતના જૂનાગઢમાં આગામી દિવસમાં ગિરનાર લીલી પરિક્રમામાં શરૂ થવાની છે. બીજી તરફ, દિવાળીના વેકેશન દરમિયાન પ્રવાસના શોખિન વ્યક્તિ રાજ્ય સહિત પ્રખ્યાત વિસ્તારોમાં ફરવા માટે જતા હોય છે, ત્યારે પ્રકૃતિને નીહાળવા માટે લોકો ગિરનાર પહોંચે છે. જેમાં દિવાળી પહેલા ગિરનાર રોપ-વેના ભાવમાં વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. જૂનાગઢના ગિરનાર રોપ-વેના ભાડામાં ૧૦ ટકા જેટલો વધારો કરવામાં આવ્યો છે. આમ હવે રોપ-વેમાં પર્વત પર જવા-આવવા માટે ૬૦૦ રૂપિયાને બદલે ૬૯૯ રૂપિયા ચૂકવવા પડશે. મળતી માહિતી પ્રમાણે, ઓથોરિટીએ રોપ-વેના મેઈન્ટેનન્સને ધ્યાનમાં રાખીને ભાડામાં વધારો કર્યો હોવાનું જાણવા મળ્યું છે. દિવાળી વેકેશન ટાણે ગિરનાર ખાતે મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવે છે, ત્યારે મુલાકાતીઓમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. બીજી તરફ, મોંઘવારીના માર વચ્ચે ગિરનાર ખાતેના રોપ-વેના ભાડામાં વધારો કર્યો છે.

## લખનૌમાં બરેલી - વારાણસી એક્સપ્રેસને ઉથલાવાનું ષડયંત્ર

**મલિહાબાદમાં પાટા પર રાખવામાં આવી ઝાડની ડાળી અને પથ્થરો સદનસીબે મોટી દુર્ઘટના ટળી**

લખનૌ કાનપુર બાદ લખનૌમાં પણ ટ્રેન ઉથલાવવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું. ગુરુવારે મલિહાબાદ રેલ્વે સ્ટેશન નજીક ટ્રેક પર રાખવામાં આવેલ ઝાડની ડાળી બરેલી-વારાણસી એક્સપ્રેસમાં ફસાઈ ગઈ હતી. જેનાં કારણે ટ્રેનનું એક્સલ કાઉન્ટર તૂટી ગયું હતું. ડ્રાઈવરે ટ્રેન રોકી અને અધિકારીઓને જાણ કરી હતી. જ્યારે રેલ્વે ટીમે સ્થળ પર પહોંચી તપાસ કરી તો તેમને ટ્રેક પર લાકડાં અને પથ્થરો પડેલાં જોવા મળ્યાં હતાં. પોલીસે તપાસ શરૂ કરી છે. રેલ્વે દ્વારા ષડયંત્રની આશંકા વ્યક્ત કરીને મલિહાબાદ પોલીસ સ્ટેશનમાં રિપોર્ટ દાખલ કરવામાં આવ્યો છે. સિનિયર સેક્શન એન્જિનિયર અજય કુમાર દ્વારા નોંધાવવામાં આવેલાં રિપોર્ટ અનુસાર, માહિલાબાદ સ્ટેશનની નજીક બરેલી-વારાણસી એક્સપ્રેસના એન્જિનમાં લાકડું ફસાઈ ગયું હતું.

ઘટના સ્થળની તપાસમાં જાણવા મળ્યું હતું કે ટ્રેક પર લાકડાં અને પથ્થરો ફેંકવામાં આવ્યાં હતાં. તૂટેલી એક્સલ કાઉન્ટર પણ ત્યાં પડેલી મળી આવી હતી.

# કેલ્શિયમ, વિટામિન ડીૂ જેવી ૪૯ દવાઓ ગુણવત્તા પરિક્ષણમાં નિષ્ફળ

## ચાર નકલી દવાનો પણ પર્દાફાશ કુલ ૩૦૦૦ દવાના ટેસ્ટ કરાયા



નવી દિલ્હીઃ સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશનએ ૪૯ દવાને ગુણવત્તાનાં ધોરણોમાં ફેઈલ કરી છે. લાઈફ મેક્સ કેન્સર લેબોરેટરીઝ દ્વારા ઉત્પાદિત કેલ્શિયમ ૫૦૦ એમજી અને વિટામિન ડીૂ ગોળીઓ સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશનના પરીક્ષણોમાં નિષ્ફળ ગઈ છે.

સીડીએસસીઓએ સપ્ટેમ્બર માટે તેનો અહેવાલ પ્રકાશિત કર્યો છે. આ રિપોર્ટમાં ૪૯ દવાઓની ઓળખ કરવામાં આવી છે, જે માપદંડોને પૂર્ણ કરી શકી નથી. સીડીએસસીઓએ આ મહિને કુલ ૩૦૦૦ દવાઓનું પરીક્ષણ કર્યું હતું, જેમાંથી ૪૯ દવાઓ ગુણવત્તા પરીક્ષણમાં નિષ્ફળ ગઈ હતી.

આ સિવાય સીડીએસસીઓએ ચાર દવાઓની પણ ઓળખી હતી જે નકલી કંપનીઓ દ્વારા બનાવવામાં આવી રહી છે. જનહિતને ધ્યાનમાં રાખીને સીડીએસસીઓએ ખામીયુક્ત દવાઓ પાછી ખેંચી લેવા જણાવ્યું છે.

સીડીએસસીઓના ચીફ રાજીવ સિંહ રઘુવંશીએ કહ્યું કે માત્ર ૧ ટકા દવાઓ જ ટેસ્ટમાં ફેલ થઈ હતી. આ દર્શાવે છે કે નીચી અને નકલી દવાઓને રોકવા માટે સીડીએસસીઓના પ્રયાસો અસરકારક સાબિત થઈ રહ્યાં છે. સીડીએસસીઓ દ્વારા ગુણવત્તાનાં ધોરણોમાં નબળી દવાઓ પૈકી, હિન્દુસ્તાન એન્ટિબાયોટિક્સની મેટ્રોનીડાઝોલ ગોળીઓ, રેનબો લાઈફ સાયન્સની ડોમ્પેરિડોન ગોળીઓ અને પુષ્કર ફાર્માના ઓક્સીટોસિન ઈન્જેક્શન પણ પરીક્ષણમાં નિષ્ફળ ગયાં છે. અન્ય દવાઓમાં સ્વિસ બાયોટેક પેરેન્ટેરલ્સમાંથી મેટમોર્ફિન, કેલ્શિયમ ૫૦૦ એમજી અને લાઈફ મેક્સ કેન્સર લેબોરેટરીઝમાંથી વિટામિન ડીૂ ૨૫૦ આઇયુ ગોળીઓનો સમાવેશ થાય છે.

આ સાથે એલ્કેમ લેબની પાન ૪૦ ટેબલેટ પણ નકલી હોવાનું જાણવા મળ્યું છે. કર્ણાટક એન્ટિબાયોટિક્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડની પેરાસિટામોલની ગોળીઓ પણ નબળી ગુણવત્તાની હોવાનું જાણવા મળ્યું છે.

# જીએસટીમાં દરેક બીલની ઓનલાઇન એન્ટ્રી ફરજીયાતઃ નવી સિસ્ટમ લાગૂ

## ઇનવોઇસ મેનેજમેન્ટ સિસ્ટમથી ઇનપુટ ટેક્સ ક્રેડિટના ગોટાળા પર અંકુશ આપવાનો દાવો

નવી દિલ્હી, તા.૨૬

જીએસટી માળખામાં ટેક્સ ચોરી-ગરબડ રોકવાની સાથોસાથ કરદાતાઓ માટે ટેક્સ પ્રક્રિયા સરળ બનાવવા માટે સમયાંતરે ફેરફાર થઇ જ રહ્યા છે. હવે ૧લી નવેમ્બરથી નવી ઇન્વોઇસ મેનેજમેન્ટ સિસ્ટમ લાગૂ થશે. જે અંતર્ગત દરેકે દરેક બીલની ઓલનાઇન એન્ટ્રી ફરજીયાત થશે. આ સિસ્ટમથી કરદાતાઓને ઇનપુટ ટેક્સ ક્રેડિટ નક્કી કરવામાં ઘણી સુવિધા રહેશે.

૧લી નવેમ્બરથી લાગૂ થનારી નવી જીએસટી સિસ્ટમ હેઠળ દરેક બીલ, ઇનવોઇસ, ચલણની ઓનલાઇન એન્ટ્રી ફરજીયાત થશે અને તેના સ્વીકાર કે અસ્વીકારનો વિકલ્પ પણ આપવાનો રહેશે. જીએસટી કોમન પોર્ટલ પર આ પ્રક્રિયાને ઇનવોઇસ મેનેજમેન્ટ સિસ્ટમનું નામ આપવામાં આવ્યું છે. નવી સિસ્ટમ વિશે નિષ્ણાંતોએ કરદાતાઓને સમજણ આપવાનું પણ શરુ કરી દીધું છે.



કરવેરા નિષ્ણાંતોના કહેવા પ્રમાણે આ સિસ્ટમ કરદાતાઓ માટે સુવિધારૂપ બની શકે છે. ઇનપુટ ટેક્સ ક્રેડિટ નક્કી કરવામાં સરળતા મળશે. કાયદેસર અને વેરિફાઇડ આઇટીસી જ ઉપલબ્ધ બનશે અને ગેરરીતિ પર અંકુશ આવી શકશે. જો કે, સિસ્ટમ અમલી બન્યા બાદ તેના ઉપયોગ પછી જ કોઇ ખામી કે મુશ્કેલીઓનો અંદાજ મળી શકશે.

આ સિસ્ટમ હેઠળ સપ્લાયર પોતાના મુળ ચલણ અથવા રેકર્ડ જીએસટીઆર-વનમાં ફાઇલ કરશે અને ખરીદનારાને તે આઇએમએસમાં ઉપલબ્ધ બનશે અને તેના આધારે બીલ-ચલણની પ્રક્રિયા કરશે. ત્રણ પ્રકારે કાર્યવાહી કરવાની થશે.

બીલના સ્વીકાર પર આઇટીસી ઉપલબ્ધ બનશે. અને રીટર્ન ફોર્મ થ્રી-બીમાં આપોઆપ દાખલ થઇ જશે. બીલનો અસ્વીકાર થાય તે પેન્ડીંગ શ્રેણીમાં પહોંચી જશે અને આઇટીસી નહીં મળે.

## કોર્પોરેટ આવકવેરા રિટર્ન ફાઇલ કરવાની તા.૧૫ નવેમ્બર સુધી લંબાવાઇ

નવી દિલ્હી, તા.૨૬

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ દ્વારા કોર્પોરેટ ક્ષેત્ર માટે આવકવેરા રીટર્ન કરવાની તા.૧૫ નવેમ્બર સુધી લંબાવવામાં આવી છે. આ અંગેનું એક જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે. ૨૦૨૪-૨૫ના આકરણી વર્ષ માટે તા.૩૧ ઓક્ટોબરના રોજ રીટર્ન ફાઇલ કરવાની અંતિમ તારીખ હતી.(તે હવે ૧૫ નવેમ્બર સુધી લંબાવવામાં આવી છે. અને તે કોર્પોરેટ કરદાતાઓ માટે લાગુ રહેશે. ખાસ કરીને દિપાવલીના તહેવાર હોવાથી હાલના સમયમાં રીટર્ન ફાઇલ કરવાની ડેડલાઇનમાં પહોંચી શકાય તેમ નહીં હોય તેવી રજુઆત બાદ સરકારે આ નિર્ણય લીધો હતો.

# સિવિલ હોસ્પિટલમાં ઉંદરોનો આતંક, બે દર્દીઓના પગ કોતરી ખાધા

## નર્સિંગ સ્ટાફ ખુરશી ઉપર પગ રાખીને બેસવા મજબૂર

સૌરાષ્ટ્રની સૌથી મોટી અને આધુનિક ગણાતા રાજકોટની પંડિત દિનદયાળ ઉપાધ્યાય સિવિલ હોસ્પિટલમાં એક સાંધે ત્યાં તેર તૂટે જેવી સ્થિતિ છે. સતત વિવાદોમાં રહેતી સિવિલ હોસ્પિટલમાં અઇ, એક્સ રે મશીન બંધ રહેવા તેમજ સાધનો અને તબીબોના અભાવ વચ્ચે હવે ઉંદરોએ આતંક મચાવ્યો હોવાની ઘટના સામે આવી છે. જેમાં સિવિલ હોસ્પિટલના ઘડ઼ઙ વિભાગમાં પાંચમાં માળે છેલ્લા ૨ મહિનાથી ઉંદરોએ આતંક મચાવ્યો છે. જ્યારે સર્જરી વોર્ડમાં દાખલ બે મહિલા દર્દીઓના પગ ઉંદરોએ કોતરી ખાતા ચકચાર મચી છે.

સિવિલ હોસ્પિટલની ઘડ઼ઙ બિલ્ડિંગના પાંચમા માળે મહિલાઓના સર્જરી વિભાગમાં પગની સારવાર માટે ૧૩ દિવસથી દાખલ મોરબીના કાંતાબેન હડીયર (૬૦)ના પગની આંગળીઓ ઉંદરોએ કોતરી



નાંખતા દર્દી કફોડી સ્થિતિમાં મૂકાઇ ગયા છે.

આજ વોર્ડમાં પડધરીના સરપદડના નયનાબેન ટંકારિયા (૪૬) ગત ૧ ઑક્ટોબરથી પગની સારવાર માટે દાખલ છે. જેમના પગમાં મોટો પાટો બાંધો છે, પરંતુ અંગુઠો બહાર હોવાથી ઉંદરોએ અંગુઠો કોતરી નાંખ્યો હતો. ઘડ઼ઙ વિભાગના પાંચમા માળે પ્યૂન, નર્સિંગ સ્ટાફ અને ડોક્ટરો મળી ૨૨ જણનો સ્ટાફ ફરજ બજાવે છે. આ તમામ ઉંદરના ત્રાસથી ત્રાહિમામ પોકારી રહ્યા છે. નર્સિંગ સ્ટાફનું કહેવું છે કે, છેલ્લા ૨ માસથી ઉંદરોએ આતંક મચાવ્યો છે. અમે ખુરશીઓ નીચે પગ રાખીને બેસી પણ શકતા નથી. જો ખુલ્લા પગે બેસીએ, તો ગમે ત્યારે ઉંદર બટકા ભરી જાય છે. જેથી અમારે ફરજિયાત ખુરશી પર પગ રાખીને બેસવું પડે છે.

આટલું જ નહીં, ઉંદરોના ત્રાસથી વોર્ડની લાઇટો પણ બંધ કરી શકાતી નથી.દર્દીઓને ચાલુ લાઇટે સૂવું પડે છે. આ સાથે જ ઉંદર બટકા ભરી ન જાય, તેનું સતત ધ્યાન રાખવું પડે છે. ઉંદરના ત્રાસથી દર્દીઓ અધૂરી સારવાર મેળવી રજા લઇને ભાગી જતા હોવાની રાવ ઉઠી છે.

# દિવાળી સમયે વધતા જતા ઓનલાઇન શોપિંગ ફ્રોડ સામે સરકારની ચેતવણી

**ડિસ્કાઉન્ટ વાઉચર કે અગાઉની કરેલી ખરીદીના આધારે ઇનામ સહિતની લાલચ આપીને નાણાંની ઉઠાંતરી કરાય છે**



નવી દિલ્હી, તા.૨૬

દિપાવલીના સમયે ઓનલાઇન શોપીંગ વધતુ જાય છે તે સમયે તેમાં ફ્રોડ થવાની શક્યતાઓ પણ વધતા સરકારે લોકોને સાવધ રહેવાની સાથે મહત્વની એડવાઇઝરી પણ જાહેર કરી છે. ઇન્ડિયન કોપ્યુટર ઇમરજન્સી રીસ્પોન્સ ટીમ દ્વારા આ અંગે લોકોને ઓનલાઇન શોપિંગ સમયે ખાસ સાવચેતી રાખવા જણાવાયું છે.

જેમાં ફ્રોડ કરનારાઓ ફેક ઇ-મેઇલ કે મેસેજ મારફત જાણીતી બ્રાન્ડની ઓફરો મોબાઇલ પર મોકલે છે અને તેના આધારે ખરીદીના ઓર્ડર આપવાથી વાસ્તવમાં નાણાંની ઉચાપત થઇ જાય છે અને બાદમાં તે સાઇટ શોધવી પણ મુશ્કેલ બને છે.

આ ઉપરાંત ઓચિંતા લોટરી કે ઇનામ લાગ્યાના કે તમે અગાઉ ખરીદી કરી હોય તેના આધારે ખાસ ડીસ્કાઉન્ટ ઓફર કરીને તે વટાવવા માટે તમારા બેંક ખાતા સહિતની માહિતી માંગી બાદમાં તેમાંથી નાણાં ઉપાડી લેવાય છે. આ ઉપરાંત ડેટીંગ પ્રોફાઇલ મારફત ઇમોશનલ મેસેજ મોકલીને તમને હનીટ્રેપ જેવામાં લલચાવાય છે. આ ઉપરાંત જોબ કેસ વધતા જાય છે.

### હાઈકોર્ટ હજુ આકરા પાણીએઃ રેકર્ડ ન સ્વીકાર્યોઃ યોગ્ય રીતે આપવા તાકીદ

# TRP ગેમઝોન કાંડઃ છેવટે રાજકોટના બે પૂર્વ મ્યુનીસીપલ કમીશ્નરોએ માફી માંગી

## આનંદ પટેલ – અમિત અરોરાએ સંવેદના દર્શાવતુ એફીડેવિટ રજુ કર્યુ



અમદાવાદ,તા.૨૭

રાજકોટ ટીઆરપી ગેમ ઝોનમાં ૨૭ નિર્દોષ લોકોના ભડથું થઇ જવાના ચકચારભર્યા પ્રકરણમાં રાજકોટના બંને તત્કાલીન મ્યુનિસિપલ કમિશનરો આનંદ પટેલ અને અમિત અરોરાએ આખરે ગુજરાત હાઇકોર્ટ સમક્ષ માફી માંગી હતી. બંને મ્યુનિસિપલ કમિશનરોએ હાઇકોર્ટમાં એફિડેવિટ દાખલ કરીને સમગ્ર દુર્ઘટનાકાંડને લઇ મૃતકો અને તેમના પરિજનો પરત્વે ભારે સંવેદના પ્રગટ કરી હતી.ઉલ્લેખનીય છે કે, અગાઉ આ કિસ્સામાં હાઇકોર્ટે ટકોર કરી હતી કે બંને અધિકારીઓએ માફી માગવી જોઇએ અને તેમના ખિસ્સામાંથી પીડિતોને વળતર ચૂકવવું જોઇએ.

આ કેસમાં હાઇકોર્ટે દાખલ કરેલી સુઓમોટો જાહેરહિતની રિટ અરજી અને એડવોકેટ દ્વારા ફાયર સેફ્ટી નાં નિયમોનું પાલન કરાવવા માટે કરાયેલી રિટની સુનાવણી ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠ સમક્ષ કરાઇ હતી.અધિકારીઓ પૈકી આનંદ પટેલે જણાવ્યું હતું કે, આ કરૂણ ઘટના બનતા તેઓના માનસ ઉપર ઘેરી અસર પડી છે તેઓ પીડિતોના પરિવાર પ્રત્યે સંવેદના અને શ્રધ્ધાંજલિ વ્યક્ત કરે છે. તેના દિવસે તેઓને દરરોજ પસ્તાવા નાં ભાવ થાય છે.

પટેલ પહેલા અમિત અરોરા ૨૦૨૩ થી ૨૦૨૪ સુધી મ્યુનિસિપલ કમિશનર રહ્યા હતા. તેઓએ પણ અદાલતની માફી માગી હતી. તેઓએ પોતાની ફરજ બજાવવામાં ખૂબ કાળજી રાખી હતી. તેઓએ ટીઆરપી ગેમ ઝોન વાળી જગ્યા ઉપર એક પરિચિત દ્વારા યોજવામાં આવેલી જન્મ દિવસની પાર્ટી માં ગયા હતા.

અગાઉ હાઇકોર્ટે રાજકોટના બંને પૂર્વ મ્યુનિસિપલ કમિશનરો આનંદ પટેલ અને અમિત અરોરાની ઝાટકણી કાઢી જણાવ્યું હતુ કે, બંને મ્યુનિસિપલ કમિશનર રાજકોટ મનપાના તેમના તાબાના અન્ય અધિકારીઓ કે કર્મચારીઓને જવાબદારી આપી તેમની નીરીક્ષણ અને અંકુશની જવાબદારીમાંથી બચી શકે નહી.

રાજકોટના બંને તત્કાલીન મ્યુનિસિપલ કમિશનરોને કોઇ પસ્તાવો કે અપરાધભાવ પણ નથી કે રાજકોટના વર્તમાન મ્યુનિસિપલ કમિશનરના નિવેદનોમાં પણ અમને કોઇ પસ્તાવાની ગ્લાનિ જણાતી નથી.

બીજીબાજુ, રાજકોટ ટીઆરપી અગ્નિકાંડને લઇ ટીઆરપી ગેમ ઝોનને લગતો સંપૂર્ણ રેકોર્ડ હાઇકોર્ટ સમક્ષ રજૂ કરાયો હતો. જો કે, હાલના તબક્કે ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે આ રેકોર્ડ સ્વીકારવાનો ઇન્કાર કરી દીધો હતો. હાઇકોર્ટે અનુક્રમણિકા સાથે ક્રમાનુસાર સમગ્ર રેકોર્ડ રજૂ કરવા જણાવ્યું હતું.

દરમ્યાન રાજ્ય સરકાર તરફથી આજે રાજ્યની શાળાઓમાં ફાયરસેફ્ટી સુવિધાનું પાલનને લઇ રિપોર્ટ રજૂ કરતાં જણાવાયું હતું કે, રાજ્યમાં હવે ૭૩૦ શાળાઓમાંથી ૩૩૦ શાળાઓમાં જ ફાયરસેફ્ટીની સુવિધા બાકી છે, બાકીની અન્ય સ્કૂલોમાં તેનું પાલન થઇ ગયું છે.

તો, રાજ્યમાં ફાયર વિભાગમાં ખાલી પડેલી જગ્યાઓ ઝડપથી ભરવામાં આવશે તેવી પણ સરકારે ખાતરી આપી હતી. હાઇકોર્ટે ડિસેમ્બર માસ સુધીમાં આ અંગેનો વિસ્તૃત અહેવાલ રજૂ કરવા સરકારને જણાવ્યું હતું.

### રંગીલુ રાજકોટ દિવાળી ઉત્સવ અંતર્ગત

# મંગળવારે રેસકોર્સ રીંગરોડ ઉપર આકર્ષક રંગોળી સ્પર્ધા



## સ્પર્ધકોએ તૈયાર કરેલી રંગોળી તા.30/31મીએ સાંજે નિહાળી શકાશે ૨૫- રંગોળી સ્લોગન સાથેની રહેશે

રાજકોટ,તા.૨૭

દિવાળી જેવો સૌનો મનપસંદ એવો દિવ્ય તહેવાર આવે ત્યારે રાજકોટની રોનક દીપી ઉઠે છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અગાઉનાવર્ષોની માફક આ વર્ષે પણવધુ એક વખત દિવાળીના તહેવારને યાદગાર બનાવવા અને નાગરિકોમાં આનંદ, ઉત્સાહ અને નવી ઉર્જાનો સંચાર કરવા તા.૨૭/૧૦/૨૦૨૪ થી તા.૩૧/૧૦/૨૦૨૪ દરમ્યાન રેસકોર્સ રિંગ રોડ ખાતે રંગીલુરાજકોટ દિવાળી ઉત્સવનું ભવ્યઆયોજન કરવામાં આવેલ છે.જેમાં, એન્ટ્રીગેઇટ, આકર્ષક થીમબેઇઝલાઇટીંગ ડેકોરેશન, ભવ્ય આતશબાજી, રંગોળી સ્પર્ધા,લેસર શોસહિતના વિશેષ આકર્ષણોનોરહેશે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૨૭થી તા.૩૧ દરમ્યાન રેસકોર્ષ રિંગરોડ ફરતે આકર્ષક થી મબેઇઝ લાઇટિંગ ડેકોરેશન કરવામાં આવશે જેમા મુખ્ય આકર્ષણ તરીકે આકર્ષક એન્ટ્રી ગેઇટ તેમજ બહુમાળી ભવન ચોક ખાતે લેસરશોનું પણ આયોજન કરવામાં આવેલ છે જે નાગરિકો માટે આકર્ષણનુ કેન્દ્ર બની રહેશે.વધુમાં તા.૩૦નારોજ આતશબાજી કાર્યક્રમમાં અવનવાફટાકડાઓના કારણે આકાશમાં અવનવી રંગબેરંગી રંગોળી નિહાળવાશહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે છે.આ વર્ષે રાજકોટમાં પ્રથમ વખત સ્લોગન ગ્રુપ રંગોળી રાખવામાં આવેલ છે. જેમાં, સ્પર્ધકે રંગોળી સાથે રાજકોટ વિશે પોઝીટીવ સ્લોગન લખવાનું રહેશે.

કુલ ૨૫ રંગોળી સ્લોગન સાથેની રહેશે. જેમાં, પ્રથમ પાંચ વિજેતાને રૂપિયા ૫૦૦૦/- ઈનામ તરીકે આપવામાં આવશે. આ રંગોળીનીસાઇઝ ૫૧૫ રહેશે.

આ ઉપરાંત ૫૦૦ રંગોળી વ્યક્તિગત સ્પર્ધાની રહેશે જેની સાઇઝ ૫૫ ની રહેશે. આ સ્પર્ધામાં પ્રથમ ૧૧ ને રૂપિયા ૫૦૦૦/ઇનામ તરીકે આપવામાં આવશે.

# સીંગદાણા - ખોળ માટે નિકાસ લાભો આપો તેલીબીયા સંગઠનની કેન્દ્રમાં ધા



રાજકોટ, તા.૨૭

ઘરઆંગણે તેલીબીયા પકવતા ખેડૂતોને યોગ્ય ભાવ મળી રહે અને પ્રોત્સાહન મળે તે માટે કેન્દ્ર સરકારે ખાદ્યતેલોની આયાત જકાત તથા ન્યુનતમ ટેકાના ભાવમાં વધારો કર્યો જ છે. હવે સીંગદાણા-સીંગખોળમાં નિકાસ પ્રોત્સાહન આપવાની મહત્વની માંગ કરવામાં આવી છે.

ગુજરાત સ્ટેટ એડીબલ ઓઇલ્સ એન્ડ ઓઇલ સીડ્ઝ એસો.ના પ્રમુખ સમીર શાહે કેન્દ્રીય વાણિજય મંત્રી પિયુષ ગોયલને કરેલી લેખિત રજુઆતમાં કહ્યું છે કે ચાલુ વર્ષે મગફળીનો મબલખ પાક થયો હોવાથી સીઝન લાંબી ચાલશે.પરંતુ સીંગખોળના ભાવ છેલ્લા બે વર્ષમાં ૪૫૦૦૦થી અર્ધો અર્ધ ઘટીને ૨૨૫૦૦ થઇ ગયા હોવાથી સીંગતેલની પડતર ઉંચી રહે છે. ભાવ ખાસ ઘટી શકતા નથી અને આયાતી સસ્તા ખાદ્યતેલો સાથેની સ્પર્ધામાં પછડાટ ખાવી પડી રહી છે.સીંગખોળના નીચાભાવના કારણોનો ઉલ્લેખ કરીને ઉમેર્યું છે કે દાયકા અગાઉ ૮૦ ટકા સીંગખોળની નિકાસ થતી હતી. જો માત્ર ૨ થી ૫ ટકા રહી ગઇ છે. તેને ફરી વધારવા માટે સરકારી પ્રોત્સાહન જરૂરી છે. સરકાર લગભગ તમામ નિકાસ થતી ચીજોમાં રાહત-સહાય આપતી જ હોય છે.

# સાંઢીયા પુલ રોડ પરનું પોલીસ કમિશ્નરનું ફરીવાર જાહેરનામું વાહનોની અવરજવર બેરોકટોક

## ફોનમાં વ્યસ્ત પોલીસની સામેથી જ બિન્દાસ વાહનચાલકો પસાર થાય છે, ત્યારે સીપીએ ફરીવાર ભોમેશ્વર તરફથી હોસ્પિટલ તરફ આવતાં રોડ પર પ્રતિબંધ મૂક્યો જોઈએ અમલ થાય છે કે નહીં?

રાજકોટ તા.૨૭

સાંઢીયા પુલ રોડ પર વાહનોને પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પોલીસ કમિશ્નરે ફરીવાર બહાર પાડ્યું હતું. જામનગર રોડ પર સાંઢીયાપુલ બ્રિજને તોડીને નવા બ્રીજનું બાંધકામ કરવામાં આવનાર હોય જેથી અગાઉ પણ વાહનોને પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડ્યું હોવાં છતાં ત્યાં બંદોબસ્તમાં રહેલ પોલીસ જ નિયમને ગાંઠતી ન હોય તેમ મોબાઈલમાં વ્યસ્ત રહી સીપીના જાહેરનામાંનો ઉલળીયો કરી વાહનોને બેરોકટોક પ્રવેશવાની મંજૂરી આપતાં હોય તેવું સામે આવ્યું છે.

જેમાં માધાપર ચોકડી તરફથી સિવિલ હોસ્પિટલ તરફ જતાં રસ્તામાં વાહન ચાલકો ભોમેશ્વર તરફથી આડા રસ્તે ડીસીબી કચેરી તરફ જવાના રોડ પર પ્રતિબંધ હોવા છતાં ત્યાંથી ભારે વાહનો નીકળી નીકળી ટ્રાફિક કરતાં હોય



છે, જે મામલે ફરીવાર પોલીસ કમિશ્નરે જુના એરપોર્ટ બગીચા ચોકથી ભોમેશ્વર રોડ તરફ જવા માટે પ્રવેશબંધી કરવામાં આવેલ છે. સીપીએ જામનગર રોડ પર સાંઢીયાપુલ બ્રિજને તોડીને નવા બ્રીજનું બાંધકામ કરવામાં આવનાર હોય જેથી હોમ ફોર બોયઝથી જુના એરપોર્ટ પાસે બગીચા સુધી નવા બ્રિજનું બાંધકામ પૂર્ણ થાય ત્યાં સુધી તમામ પ્રકારના વાહનોની અવર જવર પર પોલીસ કમિશનર બ્રજેશ ઝા દ્રારા પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

જે માટે માધાપર ચોકડીથી હોસ્પિટલ ચોક તરફ જવા માંગતા થ્રી વ્હીલર, કાર, એમ્બ્યુલન્સ જેવા લાઇટ વેઇટ વ્હીકલ માટે જુના એરપોર્ટ બગીચા ચોકથી ભોમેશ્વર રોડ તરફ જવા માટે પ્રવેશબંધી કરવામાં આવેલ છે. આગામી ૩૦ દિવસ સુધી પ્રાયોગિક ધોરણે માટે વૈકલ્પિક માર્ગ તરીકે માધાપર ચોકડીથી હોસ્પિટલ ચોક તરફ જવા માંગતા લાઇટ વેઇટ વ્હીકલ રેલનગર બ્રિજ ચોક (જુના એરપોર્ટ બગીચા ચોક) થી ભોમેશ્વર રોડથી ભોમેશ્વર મંદિર થઈ જુના એરપોર્ટ ફાટક તરફ જઈ શકશે. આદેશનો ઉલ્લંઘન કરનાર સામે કાર્યવાહી પણ પોલીસ કરી શકે છે

ઉલ્લેખનીય છે કે, સાંઢીયા પુલ જર્જરિત થઈ ગયાં બાદ તેના નવિકરણ માટે તે પુલના બાંધકામ અર્થે તેમના પર વાહનોની અવરજવર માટે પ્રતિબિંધનું જાહેરનામું પોલીસ કમિશ્નરે બહાર પાડેલ હતું. તેમજ ભોમેશ્વર રોડ પર પણ ભારે વાહનોને પ્રવેશ માટે મનાઈ ફરમાવવામાં આવી હતી. જો કે, ત્યાં ફરજ પર રહેલ પોલીસ જ બેધ્યાન બની બેરોકટોક વાહનોને પ્રવેશ આપવતી હોય તેવા દ્રશ્યો સામે આવ્યાં છે. જેનાથી ભોમેશ્વરના રહીસોને પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જોઈએ હવે ફરીવાર પોલીસ કમિશનરે બહાર પાળેલા જાહેરનામાથી ફેર પડે છે કે નહીં.

સાંઢીયા પુલ નજીક ભોમેશ્વર મેઈન રોડ પર થતા ટ્રાફીક અંગે સાંજ સમાચારની ટીમ ગ્રાઉન્ડ લેવલે પહોંચી હતી.અને જોવું તો જયાં ભારે વાહનોની પ્રવેશબંધી છે ત્યાં એક પોઈન્ટ પર પોલીસના જવાનો બિન્દાસ દળવામુડમાં મસ્તી કરી રહ્યા છે. અને તેમની સામેથી જ વાદનો પસાર થઈ રહ્યા હતો.

સાંઢીયા પુલથી ભોમેશ્વર મેઈન રોડ તરફ જતાં રોડ પર ભારે વાહનોના પ્રવેશ પર પોલીસ કમિશ્નરે અગાઉ પણ પ્રતિબંધ હટકારેલ છે. છતાં વાહનો બેરોકટોક પ્રવેશી લાંબો ટ્રાફીકજામ કરે છે. જે રૂટ પર ટ્રાફિક પોલીસના ચાર ચેક પોઈન્ટ મુકવામાં આવ્યા છે. પરંતુ ચારેય ચેક પોઈન્ટ પર બેસેલ પોલીસના જવાનો મોબાઈલમાં અથવા વોનચીતોમાં વ્યસ્ત હોય છે. અને પ્રજા ટ્રાફીકનો સામનો કરે છે

# રાજકોટ જિલ્લાના ૬ સહિત રાજયના ૮૬ મામલતદારોની બદલી: ૧૦૮ને બઢતી

રાજકોટ, તા.૨૭

પ્રકાશ પર્વ દિપાવલીના તહેવારના આડે હવે માત્ર પાંચ દિવસ જ બાકી રહ્યા છે ત્યારે રાજયના મહેસુલ વિભાગે રાજકોટ શહેર જિલ્લાના ૬ સહિત રાજયના ૮૬ મામલતદારોની બદલીનો ઘાણવો કાઢયો છે. તેની સાથોસાથ ૧૦૮ જેટલા નાયબ મામલતદાર કે જેઓ લાંબા સમયથી પ્રમોશનની પ્રતિક્ષા કરી રહ્યા હતા. તેઓની બઢતીના ઓર્ડરો પણ ઇસ્યુ કરી દેવામાં આવેલ છે.

રાજયના ૮૬ મામલતદારોની સામુહિક બદલીના ઓર્ડરો ઇસ્યુ કરાયા છે તેમાં રાજકોટ પશ્ચિમ વિભાગના મામલતદાર તરીકે ફરજ બજાવતા મહેશ શુકલાની માણાવદરના મામલતદાર તરીકે બદલી કરવામાં આવી છે. આવી જ રીતે પડધરી મામલતદાર કૃષ્ણકુમારસિંહ ચુડાસમાને ધારી તાલુકા મામલતદારની જવાબદારી સોંપવામાં આવી છે. જયારે




જામકંડોરણા મામલતદાર તરીકે ફરજ બજાવતા કે.બી.સાંગાણીને લીલીયા, લોધીકા તાલુકા મામલતદાર તરીકે ફરજ બજાવતા દિનેશકુમાર ભાડને ગાંધીનગર રેવન્યુ ડીપાર્ટમેન્ટમાં મુકવામાં આવેલ છે.

તેમજ ઉપલેટા મામલતદાર એમ.ટી.ધનવાણીની બદલી કરી તેઓને મોરબી રૂરલના મામલતદારની જવાબદારી સોંપવામાં આવી છે. ધોરાજીના મામલતદાર અલ્પેશ જોષીની બદલી કરી તેઓને વડોદરા શહેર મામલતદાર તરીકે પોસ્ટીંગ આપવામાં આવેલ છે. આ ઉપરાંત માંગરોળના રાજેશ પરમારની અમદાવાદ, પાલીતાણાના કમલેશ વાણંદની અમદાવાદ, લીલીયા મામલતદાર જેરામભાઇ દેસાઇની આરટીઓ રીકવરી મામલતદાર અમદાવાદ ખાતે બદલી કરવામાં આવી છે.

જયારે ઉમરાળાના મામલતદાર પ્રશાંતકુમાર ભીંડીની બગસરા, ધ્રાંગધ્રા તાલુકા મામલતદાર મહેશ ગોહેલની વડીયા (અમરેલી), ગઢડા મામલતદાર સી.એ.રાવલની આણંદ, મેંદરડા મામલતદાર કિશન ચંદાલીયાને ભાવનગર, ચોટીલા મામલતદાર વસંતકુમાર પટેલની કાકરેજ, ભાવનગર સીટી મામલતદાર વિજયકુમાર ભારાઇની દાહોદ, વાંકાનેર મામલતદાર યુ.વી.કાનાણીની કલોલ, ધ્રોલ મામલતદાર કુમારી ટી.બી.ત્રિવેદીની કાલાવડ, માણાવદર મામલતદાર કે.જે.મારૂની જામનગર, પ્રોટોકોલ મામલતદાર તરીકે બદલી કરવામાં આવી છે.

# રાજકોટમાં શિયાળા પુર્વે ઉનાળાનો અનુભવ!



રાજકોટ,તા.૨૭

રાજકોટ સહિત રાજયભરમાં છેલ્લા બે-ત્રણ દિવસથી બપોરનાં સમયે સુકા પવનો શરૂ થયા હોય ગરમીનો પારો સડસડાટ ઉપર ચડી રહ્યો છે અને શિયાળાની જગ્યાએ ઉનાળાનો અહેસાસ લોકો કરી રહ્યા છે.

આજે બપોરે પણ રાજકોટ સહિત અનેક સ્થળોએ લોકોએ આકરો તાપ અનુભવ્યો હતો. રાજકોટવાસીઓ પણ આજરોજ આકરા તાપમાં અકળાયા હતા. આજરોજ બપોરે ૨.૩૦ કલાકે રાજકોટનું તાપમાન વધીને ૩૮.૬ ડિગ્રી સુધી પહોંચી જતા નગરજનોએ ઉનાળાનો અનુભવ કર્યો હતો.

જયારે, બપોરે હવામાં ભેજ ૩૦ ટકા રહ્યો હતો અને પવનની ઝડપ ૬ કી.મી પ્રતિકલાક રહી હતી. આ ઉપરાંત આજરોજ સવારે ૮.૩૦ કલાકે શહેરનું તાપમાન ૨૪.૨ ડીગ્રી અને લઘુતમ તાપમાન ૨૨.૨ ડીગ્રી નોંધાયું હતું. જયારે સવારે હવામાં ભેજ ૮૭ ટકા રહ્યો હતો અને પવનની સરેરાશ ઝડપ ૪ કી.મી. રહી હતી.

# દિવાળીમાં ગુજરાતીઓ ગરમીમાં શેકાશેઃ રાજસ્થાનના રણપ્રદેશથી આવતા પવનોને કારણે રાજકોટ સહિત રાજ્યમાં ઉનાળો અનુભવાશે

### આગામી ૭ દિવસ મહત્તમ તાપમાન યથાવત રહેશે

અમદાવાદઃ ગુજરાતના તમામ શહેરોમાં છેલ્લા પાંચ દિવસથી ઉનાળામાં જે પ્રકારે અંગ દઝાડતી ગરમી વરસે છે તેવી પરિસ્થિતિનો ઉદભવ થયો છે, ત્યારે હવામાન વિભાગે હજુ પણ આગામી સાત દિવસ આ વાતાવરણ યથાવત રહેવાની શક્યતાઓ વ્યક્ત કરી છે. એટલે કે, દિવાળી સુધી ગુજરાતીઓને ઉનાળાનો અહેસાસ થઈ શકે છે. કારણ કે, હાલમાં અમદાવાદમાં જ મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રીને પાર પહોંચ્યું છે, ત્યારે હજુ પણ આગામી સાત દિવસ આ પ્રકારનું વાતાવરણ યથાવત રહેવાની શક્યતાઓને પગલે દિવાળી ગરમીમાં નીકળી જાય તેવી શક્યતા છે. ત્યાર બાદ એટલે કે, નવેમ્બરના પ્રથમ સપ્તાહ બાદ ઠંડીની શરૂઆત થવાની શક્યતાઓ છે. એટલે કે, જ્યારે ગુલાબી ઠંડીની શરૂઆત થઈ જતી હોય છે, ત્યારે ગુજરાતીઓને ઉનાળા જેવો જ અનુભવ થઈ શકે છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી સાત દિવસ ગુજરાતનું વાતાવરણ યથાવત રહેવાની શક્યતાઓ છે. જ્યારે ચાર દિવસ બાદ કેટલાક જિલ્લાઓનું મહત્તમ તાપમાન એકથી બે ડિગ્રી ઘટી શકે છે. કેટલાક જિલ્લાઓનું મહત્તમ તાપમાન હજુ પણ વધવાની શક્યતાઓ છે. એટલે કે કહી શકાય કે, નવેમ્બરના પ્રથમ સપ્તાહ સુધી ગુજરાતીઓને ગરમીમાં શેકાવું પડશે. કારણ



કે, હાલમાં ગુજરાત પર જે પવન આવી રહ્યા છે તે ઉત્તર પશ્ચિમ અને પશ્ચિમ દિશા તરફ આવી રહ્યા છે. એટલે કે, પાકિસ્તાન અને રાજસ્થાનના રણપ્રદેશમાં થઈને આ પવનો ગુજરાત તરફ આવી રહ્યા છે. જેને કારણે દિવસ દરમિયાન અંગ દઝાડતી ગરમીનો અહેસાસ થાય છે, પરંતુ સાંજ બાદ એટલે કે, મધરાત્રિ અને વહેલી સવારે અંશતઃ ઠંડકનો અહેસાસ થાય છે. કારણ કે, સામાન્ય રીતે રણપ્રદેશમાં દિવસ દરમિયાન સખત ગરમી અને સૂર્યાસ્ત બાદ સખત ઠંડી હોય છે. એટલે કે, ઉત્તર પશ્ચિમ અને પશ્ચિમ દિશા તરફથી પવન સુકાઈ રહ્યા હોવાથી દિવસ દરમિયાન ગરમી અને રાત્રે ઠંડકનો અહેસાસ થાય છે. હજુ પણ આગામી પાંચથી સાત દિવસ દરમિયાન યથાવત રહેશે.

ગુજરાતના મધ્ય ભાગમાં એટલે કે, અમદાવાદ અને ગાંધીનગરમાં પણ આગામી સાત દિવસ દરમિયાન આ પ્રકારનું વાતાવરણ યથાવત રહેવાની શક્યતા છે. જેમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન અમદાવાદનું મહત્તમ તાપમાન સમાન્ય કરતા ૨ ડિગ્રી વધુ રહીને ૩૭.૪ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન પણ સમાન્ય કરતાં ૩.૮ ડિગ્રી વધુ રહીને ૨૩.૬ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે આજે પણ અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રીને પાર પહોંચી શકે છે. એટલે કે હજુ પણ આગામી ૨૪ કલાક અમદાવાદીઓને અંગ દઝાડતી ગરમીનો અનુભવ થશે.

## દિવાળી નિમિત્તે વધારાની એસ.ટી. બસ શરૂ થતાં શ્રમિકો અને વિદ્યાર્થીઓની વતન ભણી દોટ

દિવાળીના તહેવારને લઈને સૌરાષ્ટ્ર ઝોન દ્વારા ૨૨૦૦ જેટલી વધારાની એસટી બસો દોડાવવા નિર્ણય લેવામાં આવ્યો હતો. જેમાં રાજકોટ ડિવિઝન પણ ૧૦૦ જેટલી બસો દોડાવશે. મોટાભાગના કંપની અને શાળા-કોલેજોમાં રજા પડતા વિદ્યાર્થીઓ અને શ્રમિકો પોતાના વતન જતા હોવાથી રાજકોટ ડિવિઝન દ્વારા આજથી વધારાની બસનું સંચાલન શરૂ કરતા પ્રથમ દિવસે જ મુસાફરોની ભીડ જોવા મળી હતી. શાળા-કોલેજોમાં દિવાળી વેકેશન પડતાની સાથે જ આજથી રાજકોટ એસટી ડિવિઝન દ્વારા દિવાળી પર્વ નિમિતેની એક્સટ્રા બસ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. મુસાફરોએ દિવાળીમાં સહ પરિવાર પ્રવાસે જતા પૂર્વે ઓનલાઇન એડવાન્સ બુકિંગ કરાવવા ભારે ધસારો કરતા મોટા ભાગની બસોમાં હાલ લગભગ ૭૦ ટકા ટિકિટ તો ઓનલાઇન બુક થઈ રહી છે.વિશેષમાં રાજકોટ એસટી ડિવિઝનના વિભાગીય નિયામક જે.બી.કલોતરાએ જણાવ્યું કે, દિવાળી પર્વ નિમિત્તે કુલ ૧૦૦ એક્સટ્રા બસ દોડાવવાનું આયોજન છે. જેનો પ્રારંભ આજથી કરવામાં આવ્યો છે. વેકેશન થતાં સાથે ટ્રાફિક પણ વધ્યો છે.

દિવાળી નિમિતે રાજકોટથી અમદાવાદ, વડોદરા, સુરત, જૂનાગઢ, વેરાવળ, સોમનાથ, ભાવનગર અને ભુજ સહિતના ૮ ઉપર એક્સટ્રા બસો દોડાવાશે. ખાસ કરીને કોઈ પણ ૮ માટે મુસાફરોનો ધસારો જોવા મળશે કે તુરત જ તે રૂટ પર એક્સટ્રા બસ મૂકાશે. જો કોઈ નિર્ધારિત ગામ કે શહેર જવા માટે એક સાથે ૫૧ મુસાફરો બસ બુકિંગ કરાવશે તો તેમને નિર્ધારિત સ્થળેથી રિસીવ કરવા માટે બસ ત્યાં સુધી જશે.

## સૌરાષ્ટ્રના ત્રણ જિલ્લામાં ધરા ધ્રૂજીઃ અમરેલી, ગીર સોમનાથ અને રાજકોટમાં ૩.૭ની તીવ્રતાનો ભૂકંપ

સૌરાષ્ટ્રના ત્રણ જિલ્લા અમરેલી, ગીર સોમનાથ અને રાજકોટમાં ભૂકંપનો આંચકો અનુભવાયો છે. તેની તીવ્રતા ૩.૭ નોંધાઈ છે. મળતી માહિતી અનુસાર, ધારીથી ૧૬ કિલોમીટર દૂર ભૂકંપનું કેન્દ્રબિંદુ નોંધાયું છે. ભૂકંપનો આંચકો ૫ઃ૧૬ મિનિટે આવ્યો હતો. જેની પુષ્ટિ ગાંધીનગર સિસ્મોલોજિ ડિપાર્ટમેન્ટે કરી છે. રાજકોટના જેતપુર સહિત ગ્રામ્ય વિસ્તાર, અમરેલી શહેર સહિત આસપાસના સાવરકુંડલા, ધારી, ખાંભા, ચલાલા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં પણ થોડી સેકન્ડ માટે અવાજની સાથે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જોરદાર ભૂકંપનો આંચકો આવતા સાવરકુંડલાના મીતીયાળા, ધજડી, સાકરપરા, તાતણીયા સહિતના ગામો ધણધણી ઊઠ્યા હતા. ભૂકંપ આવતા જ લોકો ઘર અને દુકાનોની બહાર દોડી આવ્યા હતા. જણાવી દઈએ કે, એકથી દોઢ દાયકામાં આ પ્રકારનો



ભૂકંપનો આંચકો આ વિસ્તારમાં નથી આવ્યો.ખાંભાના તાતણીયા ગામે ભૂકંપનો આચકો આવતા લોકો ઘરની બહાર ભાગ્યા હતા. તાતણીયા ગામે હીરાના કારખાનામાં ભૂકંપના આંચકાનો વીડિયો સામે આવ્યો છે. જેમાં ભૂકંપનો આંચકો આવ્યા બાદ હીરાના કારખાનેદારો બહાર ભાગતા નજરે પડી રહ્યા છે.

સિનિયર સિસ્મોલોજિસ્ટે સંતોષકુમાર કહ્યું કે, 'જાનહાનિ કે કોઈ નુકસાની થઈ નથી. ભુકંપના અનેક કારણો હોય છે. ભારે વરસાદને કારણે પણ ભુકંપ આવ્યો હોવાની શક્યતા હોઈ શકે. સાથે જ કોઈ સેક્શન એક્ટિવ હોવાના કારણે ભુકંપ આવ્યો હોઈ શકે છે. હજુ આફ્ટર શોક પણ આવી શકે છે. આ મેગ્નિટ્યૂડમાં કોઈ નુકસાનની શક્યતા નથી.'

# આધારકાર્ડની કામગીરી અટકી પડતા ૧૯ ઓપરેટરોનું સસ્પેન્શન સ્થગિત

### મુંબઈ રિઝનલ કચેરીના હુકમ સામે મનપાએ સસ્પેન્શન રદ કરવા રિક્વેસ્ટ મેઈલ કર્યો





રાજકોટ,તા.૨૭

રાજકોટ મહાપાલિકામાં આધારકાર્ડ સેન્ટરના તમામ ૧૮ ઓપરેટરોને એક સાથે એક વર્ષ માટે સસ્પેન્ડ કરી દેવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. પરંતુ ૪૧૨૯ અરજી મિસમેચ શા કારણે થઈ છે તેની તપાસ કરતા માલુમ પડેલ કે, સરકારના પરિપત્રની જાણ તંત્રને મોડી થતાં અજાણ ઓપરેટરો દ્વારા અરજી અપડેટ કરાતા મિસમેચની સંખ્યા વધવા પામી છે. આથી તંત્ર દ્વારા મુંબઈ રિઝનલ કચેરીને સસ્પેન્શન રદ કરવા રિકવેસ્ટ મેલ કરવામાં આવ્યો છે. અને બે-ચાર દિવસમાં સસ્પેન્શન રદ થઈ જશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. શહેર વિસ્તારમાં કુલ ૧૯ ઓપરેટરોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તેથી રાજકોટ શહેરમાં આધારકાર્ડની કામગીરી બંધ ઠપ થઈ ગઈ હતી.

પરંતુ એક કલાક પણ આધારકાર્ડનું કામ બંધ થાય તો અરજદારોના થપ્પા લાગે છે. ત્યારે સદંતર કામ બંધ થાય તો શું હાલત થાય તેવી સ્થિતિ જાણતા હોવાથી તંત્ર દ્વારા ઘટતુ કરવા માટે રિજ્યુનલ કચેરીને આબાબતની જાણ કરી છે. છેલ્લા કેટલાય સમયથી આધારકાર્ડના સર્વરમાં ટેકનિકલ ક્ષતિ છે. આ માટે કલેક્ટર સહિતના અધિકારીઓ દ્વારા ગાંધીનગર અને મુંબઈમાં રજૂઆત કરવામાં આવી હતી. આધારકાર્ડ માટે આવતી અરજી સબમીટ થવાના બદલે સીધી જ એરર આવી જતી હોય અને અરજી રિજેક્ટ થાય છે.આવી ઢગલાબંધ ફરિયાદો છે. તેના કારણે અમુક આધાર કેન્દ્રો ખાતે તો રોજ અરજદારોની લાંબી લાઈનો લાગે છે. ઘણી જગ્યાએ તો માથાકૂટ પણ થાય છે. મહાનગરપાલિકા વિસ્તારમાં આધારકાર્ડ માટે ઓપરેટરોના ફિંગર પ્રિન્ટ સાથેની આઈ.ડી. શરૂ કરવામાં આવી હતી. તે આઈ. ડી અને ઓપરેટરોને એક વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. મહાપાલિકાના તમામ ૧૮ ઓપરેટર સસ્પેન્ડ થતા આ કામગીરી ગઈકાલે બંધ થઈ ગઈ હતી. અને તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. રાજકોટ શહેરમાં આધારકાર્ડમાં પ્રિન્ટ સાથેની આઈ.ડી. શરૂ કરવામાં આવી હતી. તે આઈ. ડી અને ઓપરેટરોને એક વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. મહાપાલિકાના તમામ ૧૮ ઓપરેટર સસ્પેન્ડ થતા આ કામગીરી બંધ થઈ જતા આજે મુંબઈ રિઝનલ કચેરી દ્વારા રાજકોટ શહેરના ૧૮ સહિત રાજ્યના ૬૯ ઓપરેટરોના સસ્પેન્શનનો મેઈલ કરી દેવામાં આવતા મહાપાલિકા દ્વારા જવાબરૂપે વળતો મેલ કરી ઓપરેટરોના કારણે નહીં પરંતુ જન્માના દાખલામાં ફેરફારથતાં મિસમેચની સંખ્યા મોટી થઈ ગઈ છે. તેવો મેલ કરી સસ્પેન્શનના પગલા રદ કરવાની રજૂઆત કરી હતી.

# રૂ.૧.૫૦ કરોડનું ઘી, તેલ, પનીર, માવો, મીઠાઈ સહિતના ખાદ્યપદાર્થનો જથ્થો સીઝ

### ૧૫૦ ખાદ્યસામગ્રીના સેમ્પલ લઈને ચકાસણી માટે ફૂડ લેબોરેટરીમાં મોકલાયા



રાજકોટ,તા.૨૮

રાજ્ય સરકારની સૂચના મુજબ રાજકોટ જિલ્લામાં ફૂડ સેફ્ટી પખવાડિયા હેઠળ ડ્રાઈવ ચલાવવામાં આવી હતી અને તેમાં રૂ.૧.૫૦ કરોડનું ઘી, તેલ, પનીર, માવો, મીઠાઈ સહિતના ખાદ્યપદાર્થોનો જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો અને અમુક સ્થળે અખાદ્ય પદાર્થોના જથ્થાનો નાશ પણ કરાયો હતો.

રાજકોટ જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના સૂત્રોએ માહિતી આપતા જણાવ્યું હતું કે, દિવાળીના તહેવારો દરમિયાન લોકોને અખાદ્ય ચીજવસ્તુઓનું વેચાણ થતું અટકાવવા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી અને તેમાં પણ ખાસ કરીને રેગ્યુલર વેપારીઓને આ ઝુંબેશમાં હેરાન નહીં કરી તહેવારનો લાભ લેવા મેદાને પડેલા લેભાગુ તત્ત્વો ઉપર જ તડાપીટ બોલાવવામાં આવી હતી ને ચાર અધિકારીઓની અલગ-અલગ ટીમ દ્વારા ૧૧ તાલુકામાં ખાદ્યપદાર્થોનું વેચાણ કરતા વેપારીઓને ત્યાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું અને ચેકિંગ દરમિયાન એક પખવાડિયામાં ઘી, તેલ, પનીર, બટર, અથાણા, મીઠાઈ, માવો સહિતનો રૂ.૧.૫૦ કરોડનો માલ સીઝ કરાયો હતો. તેમજ આ તમામ વસ્તુઓ ઉપરાંત ચણાના સેમ્પલ લઈને લેબોરેટરીમાં ચકાસણી માટે મોકલવામાં આવ્યા છે. જેના રિપોર્ટ હજુ બાકી છે.

એક વેપારીને ત્યાં પરત આવેલા રૂ.૨ લાખના ઘીના જથ્થાનો નાશ કરાયો હતો. તેમજ અમુક વેપારીઓને ત્યાંથી સીઝ કરાયેલી મીઠાઈનો જથ્થો કોલ્ડ સ્ટોરેજમાં મુકાવવામાં આવ્યો હતો. તેમજ જે મીઠાઈ બગડી જવાની ભીતિ હોય અથવા તેના સેમ્પલ ફેલ જવાની પૂરતી શકયતા હોય તેવા કિસ્સામાં વેપારીની સહમતીથી જ જથ્થાનો સ્થળ પર નાશ કરાયો હતો.

# ધારાશાસ્ત્રીઓની મૃત્યુ સહાયમાં વધારો,૬૬ વારસદારને ૯૩ લાખ ચૂકવવા નિર્ણય

રાજકોટ,તા.૨૮

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની શનિવારે એડમિનિસ્ટ્રેટિવ કમિટીની બેઠક યોજાઈ હતી. ચેરમેન જે.જે.પટેલ અને એક્ઝિક્યુટિવ કમિટીના ચેરમેન નલીન પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં મૃત્યુ પામનાર ધારાશાસ્ત્રીઓના વારસદારોને મળતી રૂ.૪.૫૦ લાખની સહાય વધારીને રૂ.૫ લાખ કરવા નિર્ણય કરાયો હતો અને ૬૬ મૃત્યુ પામનાર ધારાશાસ્ત્રીઓના વારસદારોને રૂ.૯૩ લાખ ચૂકવવા નિર્ણય કરાયો હતો.

ચેરમેનના અધ્યક્ષસ્થાને મળેલી સામાન્ય સભામાં મૃત્યુ પામનાર ધારાશાસ્ત્રીઓને વારસદારોને તા.૧-૧-૨૦૨૫થી રૂ.૫ લાખ મૃત્યુ સહાય ચૂકવવાના નિર્ણયને બહાલી આપવામાં આવી હતી. તેમજ જુદા-જુદા બાર એસોસિએશનની દિવાળીના તહેવારને લક્ષમાં રાખીને ગુજરાત એડવોકેટ વેલ્ફેર ફંડની રિન્યૂઅલ ફી ભરવા માટેના સમયમાં એક માસનો વધારો કરવામાં આવ્યો છે એટલે કે, તા.૩૦-૧૧-૨૦૨૪ સુધી કોઈપણ ધારાશાસ્ત્રી વેલ્ફેર ફંડની રિન્યૂઅલ ફી ભરી શકશે.

મહિલા પ્રતિનિધિને સ્થાન ફરજિયાતઃ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની સામાન્ય સભામાં ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશને ફરજિયાતપણે બાર એસોસિએશનના હોદ્દેદારોની કમિટીમાં એક મહિલા પ્રતિનિધિને સ્થાન આપવાનું અને તે અંગે એસોસિએશનની સામાન્ય ચૂંટણીમાં ચૂંટણી પ્રક્રિયા કરવાનો આદેશ અપાયો હતો.

મૃત્યુ સહાય ૧૪ વર્ષમાં ૫ લાખ કરાઈઃ બીસીઆઈના સભ્ય દિલીપ પટેલે માહિતી આપતા જણાવ્યું હતું કે, ૨૦૦૬માં ધારાશાસ્ત્રીઓના મૃત્યુ થયા બાદ તેમના વારસદારોને માત્ર રૂ.૭૫ હજાર સહાય આપવામાં આવતી હતી. જેમાં અમે સતત તબક્કાવાર ઉત્તરોત્તર વધારો કરીને રૂ.૫ લાખ કર્યા છે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.28/10/2024 MONDAY


# દિવાળી પર્વે સોમનાથ મંદિર રંગબેરંગી રંગોળી, દિવડાઓથી ઝગમગી ઉઠશે

## ■ સોમનાથ મહાદેવને દિપમાળા, વિશેષ શ્રૃંગાર, ઓનલાઈન અને પ્રત્યક્ષ લક્ષ્મી પૂજન, અન્નકૂટ મનોરથ સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન


અહેવાલ : રવિ ખખ્ખર, ગીર સોમનાથ

વેરાવળ, તા. ૨૮ઃ આગામી દિવાળી પર્વે જગવિખ્યાત સોમનાથ મંદિર ખાતે અનેક ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાનાર છે. આ પર્વના વિવિધ મુહૂર્ત અને દિવસો દરમ્યાન ભક્તજનો માટે વિશેષ શૃંગાર અને પૂજાઓ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આમ, દિવાળીના પાંચ દિવસ માટે પ્રવાસીઓ માટે ભક્તિપૂર્ણ આયોજન કરાયેલા છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ દિપાવલી પર્વે જગવિખ્યાત સોમનાથ મંદિર પરિસરમાં ટ્રસ્ટ પરિવાર દ્વારા ભક્તો સાથે મળીને નૃત્ય મંડપમાં વિશેષ રંગોળી તૈયાર કરવામાં આવશે. સમગ્ર મંદિર પરિસરને હજારો દિવડાઓથી સુશોભિત કરવામાં આવશે. સમગ્ર તહેવારો દરમ્યાન મંદિરમાં પ્રત્યેક દિવસે મહાદેવને વિશેષ શ્રૃંગાર કરવામાં આવશે. દિવાળી મહોત્સવના દરેક દિવસે સોમનાથ મંદિર પરિસર, ટ્રસ્ટના તમામ અતિથિગૃહ અને પરિસર રંગબેરંગી લાઇટોથી પ્રકાશિત કરવામાં આવશે. જેથી આવનાર ભક્તોને ઉત્સવ દરમ્યાન ઘર જેવી જ લાગણીનો અનુભવ થાય.

દિપાવલી પર્વ પર દેશભરમાંથી લક્ષ્મી પૂજન નોંધાવનાર ભક્તોને ઓનલાઈન માધ્યમ મારફત લક્ષ્મી પૂજન કરી પૂજન કરેલ શ્રી યંત્ર, રોજમેળ પેન અને નમન ભસ્મ પ્રસાદ એમના સરનામા ઉપર પહોચાડવામાં આવશે. આ ઉપરાંત સ્વયં સોમનાથ આવીને લક્ષ્મી પૂજન કરવા માંગતા ભક્તોને પણ પૂજા કરાવવામાં આવશે.

સોમનાથના ઇતિહાસને વર્ણવતો એવો ચોમાસામાં બંધ કરાયેલ ૩ડ લાઇટ એન્ડ સાઉન્ડ શો ભકતો માટે ફરી શરૂ કરાયો છે. તેહવારોમાં દરરોજ બે શો કરવામાં આવશે. જેથી આવનાર યાત્રીઓને બમણો લાભ મળી શકશે. આ ઉપરાંત ટ્રસ્ટના અતિથિગૃહના મેદાનમાં દિવાળીના દિવસે યાત્રીઓને સાથે રાખી ટ્રસ્ટ પરિવાર દીપોત્સવી ઉજવશે જેથી આવનાર યાત્રીઓને પરિવારનો ભાગ હોવાનો અનુભવ કરાવવામાં આવશે.

નવા વર્ષના પ્રથમ દિવસે સોમનાથ મહાદેવના દર્શન કરી પોતાના દિવસની શરૂઆત કરવા માટે સોમનાથ પધારનાર ભાવિકોને ઉત્તમ દર્શન અનુભવ થાય તેવી વ્યવસ્થા ઉપરાંત જનકલ્યાણની પ્રાર્થના સાથે મહાદેવને અન્નકૂટ ભોગ ધરવામાં આવશે. જેના દર્શનનો લ્હાવો શિવભક્તોને મળી રહેશે.

# ધોરાજીની સરકારી તાલુકા શાળા નંબર-૨નાં આચાર્યની બદલીથી સર્જાયા ભાવુક દ્દશ્યો

## ■ બાળકો વાલીઓ રડી પડ્યા, સાહેબ તમે આપેલ સિસ્ત સંસ્કારોને જીવન ભર નીભાવશું બાળકો


તસવીરઃ વિમલ સોંદરવા ધોરાજી

ધોરાજી, તા. ૨૮ઃ આજ ધોરાજી શહેર નાં પછાત વિસ્તાર માં આવેલી શાળા નાં આચાર્ય નિલેશ મકવાણાની બદલી થતાં એમને અનોખી વિદાય આપવામાં આવી હતી. તો પંથક આખો રડી પડ્યો હોય એવા દર્શ્યો સર્જાયા હતા.

નોખી માટીનાં અનોખા આ આચાર્ય એ આજે બદલી થતાં બાળકો ને લગભગ ૬0000 રૂપિયાની ભેટ આપી હતી બાળકોને મફત ગણવેશની ભેટ આપવામાં આવી હતી. આચાર્ય એ એમના કાર્યકાળ દરમ્યાનમાં કુપોષિત અને શિક્ષણથી વંચિત બાળકો માટે જબરી સેવા કરી હતી અને એમને દત્તક લઈને બાળકોને શાળા એ લાવવા માટે માં બાપ વગર નાં બાળકોને આખા વર્ષનું કરિયાણું પણ એમના તરફથી આપ્યું હતું આચાર્ય હાજર થયા ત્યારે શાળામાં ૧૬૭ બાળકો હતાં અને આજે ૩૦૦ જેટલી સંખ્યા સ્કૂલમા છે એમના કાર્યકાળમાં લગભગ ૬૩ જેટલા શાળા બહારનાં બાળકોને શાળામાં દાખલ કરાવી ને એમને મુખ્ય પ્રવાહમાં જોડ્યા હતા અને આજે શહિદ ફંડમાં પણ ૩૦૦૦૦ જેટલું ફંડ આપ્યું હતું ને જતા જતા લગભગ આજે છેલ્લા દિવસે અલગારી અને સેવાભાવી આચાર્યની છાપ ધરાવતા નિલેશ મકવાણાએ લગભગ ૧૦૦૦૦૦ રૂપિયા ની ભેટો આપી હતી.

ત્યારે આવા કર્મનિષ્ઠ પ્રેમાળ આચાર્ય ની ખોટ સમગ્ર પંથક ને પાડી હોય એમ ઝૂંપડપટ્ટી વિસ્તારનાં બાળકો અને વાલીઓ રીતસરનાં રડી પડ્યા હતા અને બાળકો સાથે ભોજન કરી એમનો છેલ્લો દિવસ યાદગાર બનાવનાર આચાર્યની વિદાયથી દંગ રહી ગયેલો એ વિસ્તાર ધ્રુસકે ધ્રુસકે રડી રહ્યો હતો અને સામે આચાર્ય પણ એમના પ્રેમ અને લાગણીમાં ભીંજાય ગયા હતા. આ પર થી એટલું સાબિત થાય છે કે ઉતમ વાવેતર નાં બીજ જોઈનાં ઉગેલા ઝાડ આજે સૌ કોઈ જોતાં રહ્યાં હતાં કરેલું કર્મ ફોગટ જાતું નથી એ ઉક્તિ અહીંયા સાર્થક થતી દેખાય રહી હતી.


# કેશુભાઈ પટેલની ચતુર્થ પુણ્યતિથિ નિમિત્તે કાલાવડમાં મંગળવારે સર્વજ્ઞાતિય બ્લડ ડોનેશન કેમ્પ



કાલાવડ, તા. ૨૮: કેશુભાઈ પટેલની ચતુર્થ પુણ્યતિથિ નિમિતે કાલાવડમા મંગળવારે સર્વ જ્ઞાતિ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

આપણે જેમને બાપા તરીકે સંબોધન કરીએ છીએ તેવા શ્રી કેશુભાઈ પટેલને ચતુર્થ પુણ્યતિથિ નિમિત્તે શ્રી કાલાવડ તાલુકા લેઉવા પટેલ સમાજ દ્વારા એક ભવ્ય બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન રાખ્યો છે.સૌ સાથે મળી આવા વ્યક્તિ કે જેમના સમયમાં ગોકુળ ગામ યોજના જેવી અનેકવિધ યોજનાઓના પ્રણેતા તેમજ તેમનો શાસનકાળ જે ગુજરાતના વિકાસનો સુવર્ણકાળ કહી શકાય એવા મુઠ્ઠી ઉંચેરા માનવી ખેડૂત નેતા,ગરીબોના મસીહા તેમજ ઘણા બધા નેતાઓના ઘડતરમાં જેમનો સિંહફાળો છે એવા મહાન વ્યક્તિને સાથે મળીને શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ. તા.૨૯ને મંગળવારે સવારે ૮:૦૦થી ૦૫:૦૦ વાગ્યા સુધી ફળ ન્યુ લેઉવા પટેલ સમાજ બાલંભડી રોડ કાલાવડ રાખેલ

# પ્રદેશ કોંગ્રેસ નેતા મહેશભાઈ રાજપૂતનો આજે જન્મદિવસ




ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી, પ્રદેશ કોંગ્રેસ ઓબીસી વિભાગના કાર્યકારી પ્રમુખ તથા રાજકોટ શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ, કારડીયા રાજપૂત સમાજના પ્રમુખ તેમજ રાજનીતિ કી પાઠશાળાના રાષ્ટ્રીય પ્રમુખ શ્રી મહેશભાઈ રાજપૂતનો આજે ૫૩મો જન્મદિવસ છે તેઓ જીવનના મંગલ ૫૨ વર્ષ પૂર્ણ કરી ૫૩ માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે ત્યારે ચોમેરથી શ્રી મહેશભાઈ રાજપૂતને શુભેચ્છાઓ મળી રહી છે સમગ્ર ગુજરાતભરમાંથી મહેશભાઈને મો.૯૮૨૪૪૦૮૦૦૪ પર શુભેચ્છાનો ધોધ વરસી રહ્યો છે.

# ધોરાજીના પીપળીયા ગામે સીમમાં ઈંગ્લીશ દારૂ સાથે એક ઝડપાયો




ધોરાજી, તા. ૨૮: ધોરાજી તાલુકા પોલીસ દ્વારા દારુ જુગાર મામલે કડક હાથે કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ત્યારે ધોરાજી તાલુકાના પીપળીયા ગામે મોટા પાયે દારૂની હેરફેર થવાની પોલિસ ઈન્સ્પેકટર એલ. આર. ગોહીલ અને સર્વેલન્સ સ્ટાફના મનીષભાઈ વરુ ને બાતમી મળતાં સ્ટાફના પોલિસ કર્મી સાથે પીપળીયા થી ભોળા ગામ તરફ જવાના જૂના ગાડા રસ્તે ગૌચર ખરાબામાં દારૂની હેરફેર કરતાં પીપળીયા ગામે રહેતો લિસ્ટેડ બુટલેગર ભરત ઉર્ફે ગજની નારણભાઈ બથવાર ઝડપાયો હતો. જ્યારે ધોરાજી પોરબંદર નેશનલ હાઈવે પર વેલનાથ હોટલ વાળો પરબત ભાઈ સરમણ ભાઈ કરમટાનુ નામ ખૂલવા પામ્યું હતું. જે આરોપીને પકડી લેવાં પોલિસે ચક્રો ગતીમાન કર્યાં છે.

ભોળા ગામ પાસે જડપાયેલ દારૂના જથ્થા માં ૮૨૮ નંગ નાની મોટી બોટલ કિંમત આશરે ૨,૫૫,૫૬૪/-ની રકમનો ઈંગ્લીશ દારૂ તહેવારો પૂર્વે વેચાણ થાય તે પહેલાં તાલુકા પોલિસે ઝડપી લીધો હતો.

# વિરપુર આઈ.ટી.આઈ. કોન્વોકેશન (દીક્ષાંત) ૨૦૨૪ સમારોહ યોજાયો



તસવીરઃ ભાગ્યેશ ડોબરીયા-વીરપુર

વિરપુર, તા. ૨૮: ઔદ્યોગિક તાલીમ સંસ્થા જેતપુરની વિરપુર ખાતે આવેલ આઈટીઆઈ માં કોન્વોકેશન (દીક્ષાંત) સમારોહ તારીખ રોજ યોજાયો હતો, જેમાં દરેક તાલીમાર્થીઓને પાસ થયાનું પ્રમાણપત્ર તેમજ જી.સી.વી.ટી (GCVT) ગાંધીનગર દ્વારા પ્રથમ એક થી ત્રણ મેરીટમાં પાસ થયેલા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર તેમજ મેડલ આપવામાં આવ્યા હતા જેમાં પ્રથમ નંબરે પાસ તાલીમાર્થીઓમાં ૧.ધર્મીષ્ઠાબા ગોહીલ-સીવણ ૨.દેસાણી દીવ્યેશ.-ફીટર ૩.જીત સોડાગર-વાયરમેન ૪.વિવેક મકવાણા - કોપા ૫.તુષાર સોલંકી -ડીઝલ મિકેનિક સહિતના તાલીમાર્થીઓ પ્રથમ ક્રમે સિદ્ધિ હાંસલ કરી હતી,આ કાર્યક્રમમા અતિથિ વિશેષ તરીકે વિરપુર ગ્રામ પંચાયતના યુવા સરપંચ રમેશભાઈ સરવૈયા, રસીકભાઈ અગ્રાવત - શ્રીજલારામજી વિદ્યાલય, શ્રીમતી સ્વાતીબેન દેવમુરારી આચાર્ય શ્રી મોંઘીબા ગર્લ્સ હાઇસ્કુલ તેમજ શ્રીમતી ધામેલીયા મેડમ મોંઘીબા ગર્લ્સ સ્કૂલ સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન એમ.બી.ઠુંમર આચાર્ય આઈ.ટી.આઈ. જેતપુર (વિરપુર) દ્વારા કરવામાં આવ્યું હતું,આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે વિરપુરના યુવા સરપંચ રમેશભાઈ સરવૈયાએ સંસ્થાનના શૈક્ષણિક કાર્યક્રમોની પ્રસંશા કરી હતી. જ્યારે આઈ.ટી.આઈ.ના આચાર્ય એમ.બી.ઠુંમર સાહેબે સંસ્થાના મકાન, મશીનરી અને આધુનિક સાધનોની સુવિધા સાથે પ્રગતિશીલ તાલીમ પદ્ધતિઓને રજૂ કરી હતી સાથે સાથે વીરપુર આઈટીઆઈના પાસ થયેલા તમામ તાલીમાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જેતપુર, વીરપુર આઈટીઆઈના શિક્ષકો સહિતના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.





# પારડી પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવતી ચેક પોસ્ટ પાતલીયા પર બુટલેગરોના 'પરસેવો' છૂટી જાય તેવું ચેકીંગ




- વલસાડ જિલ્લા પોલીસ વડા ડો. કરણરાજ વાઘેલાના માસ્ટર પ્લાન તહેવારો પર હંમેશા અસરકારક જ નીવડે છે
- નવરાત્રી સમયે વલસાડ જિલ્લા પોલીસ જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શનથી ડ્રિન્ક એન્ડ ડ્રાઈવ ૧૩૫૫ ગુના નોંધ્યા હતા
- દારૂ લાવનાર અને દારૂ પી ખેલ કરનારના 'ખેલ' વલસાડ જિલ્લા પોલીસ પુરા કરે જ છે

વલસાડ, તા. ૨૮: (કાર્તિક બાવીશી દ્વારા) વલસાડ જિલ્લા પોલીસ હમેશા તહેવાર પર કોઈ પર સામાન્ય નાગરિક ને તકલીફ ના પડે તે હમેશા જોવે છે દારૂ પી ખેલ કરનાર ના ખેલ વલસાડ જિલ્લા પોલીસ પુરા કરે જ છે દિવાળી ના તહેવારમાં વલસાડ જિલ્લા પોલીસ નું ઠેર ઠેર વાહન ચેકીંગ ચાલુ થઈ ગયું છે આવારા તત્વો સીધા દોર રહે તે જરૂરી હોઈ છે વલસાડ જિલ્લા પોલીસ વડા ડો કરણરાજ વાઘેલાના માર્ગદર્શન થી પારડી પોલીસ સ્ટેશનના પીઆઈ જી.આર.ગઢવીની સૂચના થી પારડી પોલીસે પાતલીયા ચેક પોસ્ટ પર ચુસ્ત વાહન ચેકીંગ હાથ ધર્યું છે સતત ફિલ્ડમાં રહેનાર પોલીસ વડા ડો કરણરાજ વાઘેલા વલસાડ જિલ્લા માં કોઈ પણ ચમરબંધી ને સીધા દોર કરવા માટે જાણીતા છે તેથી જ વલસાડ જિલ્લા પોલીસે લોકોના દિલ જીતી લીધા છે વલસાડ જિલ્લા પોલીસ વડા ડો કરણરાજ વાઘેલાના માસ્ટર પ્લાન તહેવારો પર હમેશા અસર કારક જ નીવડે છે નવરાત્રી સમયે વલસાડ જિલ્લા પોલીસ જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શનથી ડ્રિન્ક એન્ડ ડ્રાઈવ ૧૩૫૫ ગુના નોંધ્યા હતા દારૂ લાવનાર અને દારૂ પી ખેલ કરનાર ના 'ખેલ' વલસાડ જિલ્લા પોલીસ પુરા કરે જ છે તેમાં શંકા ને સ્થાન નથી પારડી પોલીસની કામગીરીએ આવારા







રાજકોટ જીલ્લા યુવા ભાજપ ઉપપ્રમુખ જયેશ સાગઠીયા એ સક્રિય સભ્ય તરીકે નોંધણી કરાવી તાલુકા ભાજપ પ્રમુખ મુકેશભાઇ કમાણી તાલુકા પંચાયત પ્રમુખ વિપુલભાઈ મોરડ ઉપસ્થિત રહેલ.

# ઈ-કેવાયસી કામગીરી પૂર્ણ નહીં કરનારા શિક્ષકો-સ્ટાફને દિવાળીની રજા નહીં મળે

ખંભાળીયા તા. ૨૬ઃ ગુજરાત રાજયમાં શાળાઓમાં હાલ શિષ્યવૃત્તિના સંદર્ભમાં ઈકેવાયસીની કામગીરી ચાલુ હોય તથા અનેક શાળાઓમાં ઈ-કેવાયસી બાકી હોય રાજ્ય સરકાર દ્વારા તા. ૨૬-૧૦-૨૪ ની દીવાળી વેકેશન જાહેર કર્યું છે. જયારે જે શાળાઓમાં ઈ-કેવાયસીની કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ ના થઈ હોય તે શાળાના શિક્ષકો સ્ટાફને દીવાળી વેકેશન નહીં મળે તેવો આદેશ કરતા સમગ્ર રાજયમાં ભારે વિરોધ ઉટ્યો છે.

સરકારના નિયમ મુજબ ચૂંટણી કે આપતકાલીન સ્થિતિ સિવાય શિક્ષકો સ્ટાફને વેકેશન રજા ભોગાવતા અટકાવી શકાય નહીં. ઈકેવાયસીનું કામ શિષ્યવૃત્તિનું કામ શિક્ષકો શાળાનું નથી તેમણે વાલીઓને માર્ગદર્શન આપવાનું હોય. ઈ-કેવાયસી શિષ્યવૃત્તિના કામમાં સર્વર ડાઉન તથા ટેકનિકલ ક્ષતિઓની વારંવાર મોડું થતાં કામ બાકી રહી જતું હોય કામગીરીમાં વિલંબ થયો છે. સરકારનો આ પ્રકારનો નિર્ણય અયોગ્ય ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ, આચાર્ય સંઘ, અન્ય શૈક્ષણિક સંઘોના હોદ્દેદારોએ રાજયના શિક્ષણમંત્રી તથા મુખ્યમંત્રી સમક્ષ રજુઆત કરી છે.

# સાવરકુંડલા આકાશી મેલડી મંદિરે કાળી ચૌદશ નિમિતે ૨૪ કલાકનો નવરંગો માંડવો અને નવચંડી યજ્ઞ યોજાશે

સાવરકુંડલા, તા. ૨૮ઃ સાવરકુંડલા બાયપાસ ખાતે આવેલ સુપ્રસિધ્ધ આકાશી મેલડી માતાજીના મંદિરે આગામી તારીખ ૩૧/૧૦ ગુરૂવાર અને કાળી ચૌદશ નિમિતે આકાશી મેલડી માતાજીનો ૨૪ કલાકનો નવરંગો માંડવો અને નવચંડી યજ્ઞ યોજાશે આપ્રસંગે પૂજન, અર્ચન, યજ્ઞ પ્રારંભ, આહુતિ, મહાઆરતી, થાંભલી રોપણ, ડાક ડમરૂ, મહાપ્રસાદ વગેરે ધાર્મિક કાર્યક્રમો ની ઉજવણી કરવામાં આવશે આકાશી મેલડી



માતાજીના ૨૪ કલાકના નવરંગો માંડવો ડાકડમરૂમાં દીવસે કલાકાર તરીકે અશ્વિનભાઇ રાવળ, નાગજીભાઈ રાવળ, શૈલેષભાઈ રાવળ નીંગાળાવાળા તેમજ રાત્રીના નિલેશભાઈ રાવળ સોગઠ, સંજયભાઈ રાવળ બુધેલ અને ભવદીપભાઈ રાવળ આંબલા ઉપસ્થિત રહેશે આતકે આકાશી મેલડી માતાજીના સેવક કાનાભગત ભરવાડ, સામાજિક, રાજકીય અગ્રણીઓ, સંતો મહંતો, માતાજીના ભુવાઓ તેમજ સાવરકુંડલા શહેર અને તાલુકાના ૭૯ ગામોમાથી આકાશી મેલડી માતાજીના મોટી સંખ્યામાં સેવક સમુદાય અને ધર્મપ્રેમી ભાઈઓ બહેનો ઉપસ્થિત રહેશે.

# રીક્ષામાં બેસેલા મુસાફરોને લૂંટતા માંડાડુંગરના શખ્સ પાસામાં જેલ હવાલે કરાયો

રાજકોટઃ રીક્ષામાં પેસેન્જરને બેસાડી રૂપીયા કાઢી ચોરી કરી લેનાર શખ્સને ભકિતનગર પોલીસે પાસા હેઠળ અમદાવાદ જેલમાં ધકેલી કાર્યવાહી કરી હતી. શહેરના અલગ અલગ વિસ્તારોમાં રીક્ષા ફેરવી એકલા હોય તેવા પેસેન્જરને રીક્ષામાં બેસાડી ચાલુ રીક્ષાએ ઉલ્ટી ઉબકા આવતા હોવાના નાટક કરી પેસેન્જરની નજર ચુકવી તેના ખીસ્સામાંથી રોકડ, પાકીટ સહીતની ચીજવસ્તુઓ સેરવી લઇ ચોરીઓના ગુન્હાઓમા સંડોવાયેલ શખ્સોની ઇ-ગુજકોપ મારફતે ગુન્હાહિત ઈતિહાસ ચેક કરી પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરને મોકલતા ચોરીઓ કરતા શખ્સો ગુનાઓ કરતા અચકાય અને લોકોની માલ, મિલ્કત સલામત રહે તે માટે પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી સજ્જનસિંહ પરમારના માર્ગદર્શન હેઠળ સંજય ઉર્ફે સંજલો મગન બાભણીયા (ઉ.વ.૩૫ ),(રહે. માંડા ડુંગર પાસે ભીનગર ચોક નાગબાઇ માતાજીના મંદિર પાસે) ને મધ્યસ્થ અમદાવાદ જેલ હવાલે કરવા હુકમ કરતાં આરોપીની અટકાયત કરી જેલ હવાલે કરવાં તજવીજ હાથ ધરી હતી.

# જૂનાગઢ ખાતે વિદ્યાર્થીઓ માટે મોટિવેશન સેમિનાર યોજાયો

જૂનાગઢ, તા. ૨૮ઃ જુનાગઢ ખાતે આવેલ માત્રુ શ્રી એમ. જી. ભુવા કન્યા વિદ્યાલય (જોષીપરા) માં ધોરણ ૯ થી ૧૨ માં અભ્યાસ કરતી ૩૦૦ થી વધુ યુવતીઓ માટે મોટીવેશન સેમીનાર નું આયોજન ઈંઅઉટક ત્ર્દજઇ (ડર્મોટોલોજિસ્ટ એસોસિયેશન ઓફ ગુજરાત) અને સ્વપન યુવા વિકાસ મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વક્તા તરીકે જાણીતા ડો. પિયુષ બોરખતરીયા (એમ. ડી. ડર્મોટોલોજિસ્ટ,એસ્થે કાયા કલ્પ ક્લીનીક, જૂનાગઢ) હાજર રહ્યા હતા.



તેમણે પર્સનાલિટી ડેવલોપમેન્ટ, લાઈફ સ્કીલ,મેન્ટલ અને ફીઝીકલ હેલ્થ અને જીવન સફળતા મેળવવા શું કરવું? આ વિશે કાર્યક્રમમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓને તાલીમ અને માહિતી આપી હતી અને એસ્થે કાયા કલ્પ ક્લીનીક જૂનાગઢ તરફથી વિદ્યાર્થીઓને ભેટ પણ આપવામાં આવી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે એમ. જી. ભૂવા વિદ્યાલય ના ચેરમેન જે. કે. ઠેસિયા સાહેબ,કેમ્પસ ડાયરેક્ટર સી. પી. રાણપરીયા સાહેબ, શિક્ષણ નિયામક બી. એમ.ડોબરીયા સાહેબ,વહીવટી અધિકારી કે.પી.ગજેરા સર,પ્રિન્સિપાલ જયશ્રી કે. રંગોલીયા,સ્વપન યુવા વિકાસ મંડળના સભ્યો હર્ષદ વાજા અને સાક્ષી દવે અને એસ્થે કાયા કલ્પ ક્લીનીકના સ્ટાફએ જહેમત ઉઠાવી હતી.

# ASI વતી લાંચ લેતો લોકરક્ષક ઝડપાયો

■ **રાજકોટનાં સુલતાનપુર પોલીસનાં ASIએ દારૂના ગુનામાં ઝડપાયેલા આરોપી પાસે રૂ. ૪૦,૦૦૦ માંગ્યા, અર્જી વતી લાંચ લેતા લોકરક્ષકને ACBએ ઝડપી પાડ્યો**

રાજકોટ, તા. ૨૮: રાજકોટમાં પોલીસકર્મી લાંચ લેતા ઝડપાયો હોવાનું સામે આવ્યું છે. જેમાં રાજકોટનાં ગોંડલ તાલુકાનાં સુલતાનપુર પોલીસ મથકના અર્જી દ્વારા દારૂના ગુનામાં ઝડપાયેલા આરોપીને મારકુટ નહીં કરવા માટે રૂ. ૪૦,૦૦૦ની લાંચ માંગી હતી. જોકે, આરોપીએ ACBનો સંપર્ક કરતા છટકું ગોઠવવામાં આવ્યું હતું. ACBનાં છટકામાં ASI વતી લાંચ લેતો લોકરક્ષક રંગેહાથ ઝડપાઇ ગયો હતો.



## દારૂના ગુનામાં ઝડપાયેલા આરોપી પાસે લાંચ માંગી

એસીબી દ્વારા કરવામાં આવેલી પૂછપરછમાં લોકરક્ષક શિવભદ્રસિંહે આ લાંચની રકમ ASI પુરણ ચંદ્ર સૈનીનાં કહેવાથી સ્વીકારી હોવાનું કબુલ્યું હતું. મુખ્ય આરોપી ASI રજા ઉપર હોવાથી હાજર નહીં મળી આવતા હાલ એસીબીએ તેની શોધખોળ શરૂ કરી છે. જ્યારે લાંચની રકમ સ્વીકારતા ઝડપાયેલા લોકરક્ષક શિવભદ્રસિંહ સામે પોતાના રાજ્ય સેવક તરીકેના હોદ્દાનો દુરુપયોગ કરી એકબીજાની મદદગારી કરવાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

જોકે, ASI હાજર નહીં મળી આવતા ACB દ્વારા તેને ઝડપી પાડવા તપાસ હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત વિગત અનુસાર ફરિયાદી સામે સુલતાનપુર પોલીસ મથકમાં પ્રોહીબિશનનો ગુનો નોંધાયો હતો. જેને પગલે તેની સાથે મારકુટ નહીં કરવા અને પાસામાં નહીં ધકેલવા ASI પુરણચંદ્ર કલુરામ સૈનીએ રૂ. ૪૦,૦૦૦ લાંચ માંગી હતી. જોકે, લાંચ આપવા ન ઇચ્છતો હોવાથી આરોપીએ એસીબીનાં ટોલ ફ્રી નંબર ૧૦૬૪ પર ફરિયાદ કરી હતી. તેની ફરિયાદને આધારે એસીબી દ્વારા છટકું ગોઠવવામાં આવ્યું હતું. જેમાં ASI રજા ઉપર હોવાથી સુલતાનપુર પોલીસ મથકમાં લોકરક્ષક શિવભદ્રસિંહ સરદારસિંહ વાઘેલાએ ફરિયાદી સાથે આ અંગેની વાતચીત કરી રૂ. ૪૦,૦૦૦ની લાંચ સ્વીકારતા જ એસીબીએ લોકરક્ષક શિવભદ્રસિંહ વાઘેલાને રંગેહાથ દબોચી લીધો હતો.

# પં. દીનદયાળ ઉપાધ્યાય હિન્દી વિદ્યાપીઠ દ્વારા રાષ્ટ્રીય હિન્દી સેમિનાર અને સન્માન સમારોહનું આયોજન કરાયું

■ **પં. દીનદયાળ ઉપાધ્યાય હિન્દી વિદ્યાપીઠ દ્વારા આયોજિત વિદ્યા વાચસ્પતિ સારસ્વત સન્માન સમારોહમાં ગુજરાત રાજ્ય - રાજકોટ મહાનગરમાંથી પધારેલા સામાજિક અગ્રણી એડવોકેટ વિરલ ભટ્ટજીનું સન્માન કરાયું**



નવી દિલ્હી, તા. ૨૮: નવી દિલ્હી ખાતે તાજેતરમાં હિન્દી ભાષાના પ્રચાર માટે સમર્પિત પં. દીનદયાલ ઉપાધ્યાય હિન્દી વિદ્યાપીઠ દ્વારા રાષ્ટ્રીય હિન્દી સેમિનાર અને વિદ્યા વાચસ્પતિ સારસ્વત સન્માન સમારોહનું આયોજન નવી દિલ્હીમાં પ્રસિદ્ધ કોન્સ્ટિટ્યુશન ક્લબ ઓફ ઈન્ડિયા ખાતે કરવામાં આવ્યું હતું.

દેશની રાજધાની નવી દિલ્હીમાં કોન્સ્ટિટ્યુશન ક્લબ ઓફ ઈન્ડિયા ખાતે તાજેતરમાં આયોજિત એક ભવ્ય સન્માન સમારોહમાં દેશના વિવિધ ક્ષેત્રોના વિદ્વાનોને ''વિદ્યા વાચસ્પતિ'' અને વિદ્યા વારિધિના બિરુદથી નવાજવામાં આવ્યા હતા. આ સન્માન સમારોહમાં ગુજરાત રાજ્યના રાજકોટ શહેરના શ્રી વિરલ એસ. ભટ્ટ કે જેઓ સામાજિક-રાજકીય અગ્રણી છે. ગુજરાત હાઈકોર્ટના ધારાશાસ્ત્રી શ્રી વિરલભાઈ ભટ્ટ (ઇ.ઇજ્ઞળ., ક્ક.ઇ., ક્ક.ખ.) વિદ્યાર્થીકાળથી જ લોકસેવા અર્થે રાજકીય ક્ષેત્રે જોડાયેલા વિરલભાઈએ પોતાની રાજકીય કારકિર્દીની શરૂઆત યુથ કોંગ્રેસ તથા સેવાદળના મહામંત્રી તરીકે કરી હતી અને શહેર, પ્રાંત તેમજ પ્રદેશ કક્ષાની પોલીટીકલ જવાબદારી સંભાળી ચુક્યા છે. તેઓએ રાજકોટ મહાનગરપાલિકામાં પાર્ટી કાર્યાલય મંત્રી તરીકેની જવાબદારી છેલ્લા ૧૦ વર્ષ સંભાળેલ છે સાથોસાથ તેઓએ લોકસભા, વિધાનસભા અને મહાનગરપાલિકાની ચુંટણીઓમાં વિશિષ્ટ જવાબદારી સંભાળી છે તેમજ રિઅલ રાજકોટ ડેવલોપર્સ એસોસિએશન (RRDA), સંસ્કુટી (કુલ્હડ ચા), વર્ડીકટ વિક્ટરી જંકશન (વી.વી.જંકશન), ચાણક્ય ઈલેક્શન સોલ્યુશનસ, જય બાલાજી ઓલ ઈન વન કન્સલ્ટન્ટ, નોવા એગ્રો, ક્રોપેક્ષ એગ્રો સહિતની અગ્રણી પેઢીઓના લીગલ એડવાઇઝર તરીકે કાર્યરત છે. જય અંબે યાત્રા સંઘ (ભટ્ટ પરિવાર) - રાજકોટના પાયાના પથ્થર-કર્તાહર્તા, જય અંબે ફાઉન્ડેશન, એકતા મિત્ર મંડળ ટ્રસ્ટ, યુનિવર્સલ સ્પોર્ટ્સ ફાઉન્ડેશન સહિત અનેક સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલા અને પ્રજાકીય પ્રશ્નોને વાચા આપતા એક જવાબદાર અને ફરજનિષ્ઠ જાગૃત યુવા સામાજિક અગ્રણી શ્રી એડવોકેટ વિરલ એસ. ભટ્ટે માનવ અધિકાર સંરક્ષણ અને કાયદાકીય જાગૃતિના ક્ષેત્રમાં વિદ્યાવાચસ્પતિ સારસ્વત સન્માન (પીએચ.ડી. એ અનુસ્નાતક ડોક્ટરલ ડિગ્રી છે, પીએચડીને હિન્દીમાં ''વિદ્યા વાચસ્પતિ''ની ડિગ્રી કહેવામાં આવે છે. જે એડવોકેટ વિરલ એસ. ભટ્ટને યુનિવર્સિટી દ્વારા એનાયત કરવામાં આવેલ.

# રાજકોટમાં દિવાળી કાર્નિવલને રૂપાલાએ ખુલ્લો મૂકાયો

## બહુમાળી ચોક ખાતે દુબઇ સ્ટાઈલનો લેસર શો આકર્ષણનું કેન્દ્ર, રિંગરોડ રંગબેરંગી રોશનીથી ઝળહળી ઉઠ્યો



રાજકોટ, તા. ૨૮ઃ રાજકોટ શહેરમાં દિવાળીનાં તહેવારોની ઉજવણી માટે મનપા દ્વારા આજથી ભવ્ય દિવાળી કાર્નિવલનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સાંસદ પરસોતમ રૂપાલાએ રિબિન કાપી તેમજ દીપ પ્રગટાવી કાર્નિવલનો પ્રારંભ કરાવ્યો હતો.


રાજકોટનાં કિસાનપરા ચોક ખાતેથી લોકસભા સાંસદ રૂપાલાનાં હસ્તે આજે દિવાળી કાર્નિવલનો પ્રારંભ કરાયો હતો. જેને પગલે રિંગરોડ રંગબેરંગી રોશનીથી ઝળહળી ઉઠ્યો હતો અને આ દૃશ્યો જોવા મોટી સંખ્યામાં લોકો પણ ઉમટી પડ્યા હતા. જોકે, ગતવર્ષ કરતા આ વર્ષે રોશની ઓછી હોવાની ચર્ચા લોકોમાં ચાલી હતી. બહુમાળી ચોક ખાતે કરવામાં આવેલો દુબઇ સ્ટાઈલનો લેસર શો લોકોમાં ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. આજથી લઈને આગામી ૩૧ ઓક્ટોબર સુધી દરરોજ સાંજે ૬:૩૦થી રાત્રે ૧૨ વાગ્યા સુધી રંગીલા રાજકોટવાસીઓ દિવાળી કાર્નિવલનો આનંદ માણી શકશે.

**ધનતેરસે ભવ્ય આતશબાજી થશે**

આ તકે સ્ટેન્ડિંગ કમિટીનાં ચેરમેન જયમીન ઠાકરે જણાવ્યું હતું કે, ભાજપનાં શાસકોએ વર્ષ ૨૦૧૭થી કાર્નિવલની શરૂઆત કરી હતી. ત્યારથી કોરોનાનાં બે વર્ષને બાદ કરતાં દરવર્ષે લોકો દિવાળીના તહેવારની ધામધૂમથી ઉજવણી કરી શકે તે માટે આ આયોજન કરવામાં આવે છે. જેમાં રિંગરોડને રોશનીથી સજાવવા સાથે ધનતેરસે ભવ્ય આતશબાજીનો કાર્યક્રમ યોજાય છે. આ વર્ષે પ્રથમવાર ૧ કલાકની આતશબાજી પણ યોજાશે. સાથે જ દરવર્ષની જેમ આ વર્ષે રંગોળી સ્પર્ધા પણ રાખવામાં આવી છે. ત્યારે રાજકોટનાં લોકો વધુમાં વધુ આ કાર્નિવલનો આનંદ માણે તેવી મારી અપીલ છે. આ સાથે નગરજનોને દિવાળી પર્વની શુભેચ્છાઓ પણ તેમણે આપી હતી.

ઉલ્લેખનીય છે કે, રાજકોટ શહેરમાં તહેવારોને લઈને દિવાળી કાર્નિવલની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં ૨૭ ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આજથી આ દિવાળી કાર્નિવલનો કિસાનપરા ચોકથી પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ માટે આખા રેસકોર્સ રિંગ રોડને દુલ્હન જેવો શણગાર કરવામાં આવ્યો છે. તેમજ રિંગરોડ પર દુબઈમાં થાય તે પ્રકારનો લેસર શો શરૂ કરવામાં આવ્યો છે. ઉપરાંત ૩૦ ઓક્ટોબરે સાંજે ૧ કલાક આતશબાજી યોજાશે. સાથે-સાથે દિવાળીમાં ૫૦૦થી વધુ સ્પર્ધાત્મક રંગોળીનું આયોજન કરાયું છે. જેમાં પણ ૫૦૦ કરતા વધુ બહેનો દ્વારા વિવિધ પ્રકારની રંગોળી કિસાનપરા ચોકથી લઈને ફનવર્લ્ડ સુધી કરવામાં આવનાર છે.









# નીતા અંબાણીએ રિલાયન્સ સ્નેહ-સેવાના ૧૦ વર્ષની ઉજવણીના અવસરે શરૂ કરી મફત આરોગ્ય સેવા યોજના

મુંબઈ, તા. ૨૮: રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને ચેરપર્સન શ્રીમતી નીતા એમ. અંબાણીએ નવી આરોગ્ય સેવા યોજના શરૂ કરવાની જાહેરાત કરી હતી, જે બાળકો, કિશોરીઓ અને મહિલાઓ માટે આવશ્યક તપાસ અને સારવારને પ્રાથમિકતા આપશે. 'સર એચ.એન. રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલ'ની દસમી વર્ષગાંઠ નિમિત્તે શરૂ કરાયેલ આ આરોગ્ય સેવા યોજનાના ભાગરૂપે ૧ લાખથી વધુ મહિલાઓ અને બાળકોને મફત તપાસ અને સારવાર આપવાનું વચન આપવામાં આવ્યું છે. આ યોજનાના લક્ષ્યાંકો નીચે મુજબ છે.

(૧) જન્મજાત હૃદય રોગ ધરાવતા ૫૦,૦૦૦ બાળકો માટે મફત તપાસ અને સારવાર

(૨) ૫૦,૦૦૦ મહિલાઓ માટે સ્તન અને સર્વાઈકલ કેન્સરની મફત તપાસ અને સારવાર

(૩) ૧૦,૦૦૦ કિશોરીઓ માટે સર્વાઈકલ કેન્સરનું મફત રસીકરણ

શ્રીમતી નીતા એમ. અંબાણીએ જણાવ્યું હતું કે, 'સર એચ.એન. રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલ છેલ્લા ૧૦ વર્ષથી દરેક ભારતીય માટે વિશ્વસ્તરીય આરોગ્ય સેવા સુલભ અને સસ્તી



બનાવવા બાબતે પ્રયત્નશીલ રહ્યું છે. એકમેકના સહયોગથી અમે લાખો જિંદગીઓમાં હકારાત્મક બદલાવ લાવી શક્યા છીએ અને અગણિત પરિવારોમાં આશાનું સિંચન કરી શક્યા છીએ. નિઃસ્વાર્થ સેવાના દસ વર્ષના સીમાચિહ્નની ઉજવણી ચાલી રહી છે, ત્યારે અમે હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોના બાળકો અને મહિલાઓ માટે નવી નિઃશુલ્ક આરોગ્ય સેવા યોજના શરૂ કરી રહ્યા છીએ. કારણ કે, અમે માનીએ છીએ કે સારું સ્વાસ્થ્ય એ સમૃદ્ધ રાષ્ટ્રનો પાયો છે, અને તંદુરસ્ત મહિલાઓ અને બાળકો સમૃદ્ધ સમાજનો પાયો છે.'

'સર એચ.એન. રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલ' છેલ્લા એક દાયકાથી અસાધારણ આરોગ્ય સેવાઓ પૂરી પાડી રહી છે. હોસ્પિટલમાં ૧.૫ લાખથી વધુ બાળકો સહિત ૨૭.૫ લાખ ભારતીયો સારવાર લઈ ચૂક્યા છે. અત્યાધુનિક ટેક્નોલોજીથી સુસજ્જ આ હોસ્પિટલે એક દાયકામાં નોંધપાત્ર સીમાચિહ્નો હાંસલ કર્યા છે. જેમ કે,

'સર એચ.એન. રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલ' એ દક્ષિણ મુંબઈમાં આવેલી ૩૬૦ પથારી ધરાવતી ક્વોટરનરી કેર હોસ્પિટલ છે. હોસ્પિટલનું ધ્યેય કુશળ વ્યાવસાયિકો, પ્રશિક્ષિત સ્ટાફ અને નવીનતમ તકનીક દ્વારા સમાજના તમામ વર્ગોને સલામત, સસ્તી અને આંતરરાષ્ટ્રીય કક્ષાની આરોગ્ય સેવા પૂરી પાડવાનું છે. આ હોસ્પિટલ રાષ્ટ્રીય માન્યતા બોર્ડ) દ્વારા માન્યતા પ્રાપ્તિ ધરાવે છે, જે ગુણવત્તાયુક્ત સંભાળ અને દર્દીની સલામતી માટેના ઉચ્ચતમ ધોરણ છે. ઉપરાંત, આ હોસ્પિટલ મુંબઈની સૌથી મોટી ગોલ્ડ સર્ટિફાઈડ ગ્રીન હોસ્પિટલ છે.

જન્મજાત હૃદયરોગ એ ભારતમાં ગંભીર આરોગ્ય સમસ્યા છે. એમાં મૃત્યુદર ઘણો વધારે હોય છે. ૧૦૦ માંથી લગભગ ૧ નવજાત શિશુ તેનો ભોગ બને છે. એ જ રીતે, સ્તન કેન્સર એ ભારતીય સ્ત્રીઓમાં સૌથી વધુ પ્રચલિત કેન્સર છે. સ્ત્રીઓને થતાં તમામ પ્રકારના કેન્સરમાં ૨૫ % થી વધુ કિસ્સામાં સ્તન કેન્સર જ થતું હોય છે. સ્તન કેન્સરનું નિદાન વહેલું થઈ જાય તો દર્દીની પાંચ વર્ષ સુધી જીવિત રહેવાની શક્યતા મોડું નિદાન પામેલ દર્દીઓની સરખામણીમાં ૪.૪ ગણી વધી જતી હોય છે. સર્વાઈકલ કેન્સરના કેસ પણ ભારતમાં સતત વધતા જ જાય છે, ત્યારે આ ત્રણે બિમારીઓ ક્ષેત્રે રિલાયન્સ ફાઉન્ડેશનની આ નવી પહેલ આવકારદાયક છે.

# હવે, શિક્ષકે બદલીનો 'નકલી' ઓર્ડર કાઢ્યો, પછી થયા સસ્પેન્ડ

અમદાવાદ તા. ૨૬: છેલ્લા ઘણાં સમયથી ગુજરાત રાજ્ય એટલે નકલીની ફેક્ટરી બની હોય તેવું જણાઈ રહ્યું છે. ગુજરાતમાં નકલી ખાદ્ય વસ્તુ, નકલી અધિકારી, નકલી ટોલનાકા તો ઠીક, નકલી કોર્ટથી લઈ નકલી ન્યાય મળવા સુધીનો પણ ઘટસ્ફોટ થઈ ચૂક્યો છે. આટલું ઓછું હતું તો હવે રાજ્યમાં શિક્ષણ વિભાગના નકલી હુકમ પણ મળવા લાગ્યા છે. બનાસકાંઠામાં બ્રિજેશ પરમાર નામના શિક્ષકે શિક્ષણ વિભાગના સચિવનો ડુપ્લીકેટ લેટર બનાવી બદલીનો ઓર્ડર આપ્યો હોવાની ઘટના સામે આવી છે. બનાસકાંઠાના વડગામની મજાદર



પ્રાથમિક શાળાના શિક્ષક બ્રિજેશ પરમારે શિક્ષણ વિભાગના સચિવના સહી અને સિક્કા કરી બદલીનો નકલી ઓર્ડર બનાવ્યો હતો. હાલ બદલીનો કેમ્પ યોજાયો હતો, જેમાં શિક્ષકોની બદલી કરવામાં આવી હતી. ત્યારબાદ મજાદર પ્રાથમિક શાળાના શિક્ષક બ્રિજેશ પરમારે નકલી સહી-સિક્કા સાથેનો ઓર્ડર બનાવી થરાદની ડુવા પ્રાથમિક શાળામાં જે શિક્ષક ફરજ બજાવે છે તેને આ ઓર્ડર આપી દીધો હતો. આ શિક્ષક જ્યારે જે-તે સમયે બદલીના ઓર્ડર મુજબ અન્ય શાળામાં હાજર થવા ગયા ત્યારે આ સમગ્ર ઘટનાનો પર્દાફાશ થયો હતો.

સમગ્ર ઘટનાની જાણ થતા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ તાત્કાલિક ધોરણે શિક્ષક બ્રિજેશ પરમારને સસ્પેન્ડ કરી દીધો છે અને પોલીસ ફરિયાદના આદેશ આપ્યા છે. વડગામ તાલુકાના શિક્ષણ અધિકારી આ સમગ્ર વિષયે તપાસ કરી રહ્યાં છે. સમગ્ર તપાસ બાદ શિક્ષક બ્રિજેશ પરમાર સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

સમગ્ર ઘટના સાથે આવ્યા પછી પ્રશ્ન થઈ રહ્યો છે કે, ગુજરાતમાં લોકોને અસલી શું મળી રહ્યું છે...? સ્વાસ્થ્ય, શિક્ષણ, ન્યાય તેમજ વ્યવસથા જો તમામમાં નકલી વસ્તુ ઘુસી રહી છે, તો રાજ્યના નાગરિકોને અસલી શું મળી રહ્યું છે...?

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.28/10/2024 MONDAY 16

# દિવાળીને લઈને ગ્રાહકોની ભીડ ન જામતા રાજકોટમાં ફટાકડાંના વેપારીઓમાં ચિંતા





રાજકોટ,તા.૨૮

દિવાળી તહેવારને હવે ગણતરીના દિવસો બાકી છે, જોકે રાજકોટમાં ફટાકડાં બજારમાં જોઇએ તેવી રોનક જોવા મળી રહી નથી. દિવાળીના તહેવાર દરમિયાન ગ્રાહકોની ભીડ જોવા ન મળતા અને પોલીસની એસઓપીનું પાલન કરવાને લઇને વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા છે. હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ઘરાકી વધશે તેવી આશા છે. આ વખતે ગરબા ફટાકડાંનો ક્રેઝ જોવા મળી રહ્યો હોવાનું વેપારીઓનું કહેવું છે. દિવાળીનો તહેવાર એટલે કે રોશનીનો તહેવાર. દિવાળીના દિવસે દરેકના ઘરે રંગોળી કરી, ફટાકડા ફોડી ઉજવણી કરવામાં આવે છે. દિવાળીના ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે. પરંતુ આ વખતે દિવાળીની રોનક અને ગ્રાહકોની ભીડ બજારમાં જોવા ન મળતાં ફટાકડાના વેપારીઓ ચિંતામાં મુકાઇ ગયા છે.

ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ નિયમો પણ વધુ આકરા બનાવી દેવામાં આવતા વેપારીઓ મૂંઝવણમાં મુકાઇ ગયા છે. સાથે જ કેટલાય વેપારીઓને હજી સુધી ફટાકડાના સ્ટોલની મંજૂરી આપવામાં આવી નથી જેમના કારણે જથ્થાબંધ વેપારીઓ પણ મૂંઝવણમાં મુકાયા છે અને અન્ય વર્ષની સરખામણીમાં માત્ર ૪૦ થી ૫૦% જેવી જ ટ્રાફિક જોવા મળી રહી છે.

વેપારીઓનું કહેવું છે કે, નું પાલન કરવું અઘરું તો છે સાથે જ લાયસન્સ લેવામાં પણ તકલીફ પડી રહી છે. બોમ્બના ભાવમાં ૩૦ ટકાનો વધારો નોંધાયો છે. સાથે જ આ વખતે બજારમાં ગરબા, છોટાભીમ, અન્ય પણ બે ત્રણ જેટલી નવી વેરાઈટીઓ બજારમાં આવી છે અને તેઓ પણની માંગ પણ વધારે છે. આ વખતે સૌથી વધુ બજારમાં ગરબા ફટાકડાનીમાં સૌથી વધુ જોવા મળી રહી છે.


# હવે 'એશિયાઈ સિંહો'નું બીજું નવું રહેઠાણ એટલે-'બરડા વન્યજીવ અભયારણ્ય'

## દેશભરના પ્રવાસીઓ માટેના નવીન આકર્ષણ એવા 'બરડા જંગલ સફારી' ફેઝ-૧નો વન-પર્યાવરણ મંત્રી શ્રી મૂળુભાઈ બેરાના હસ્તે

ગુજરાતમાં પ્રવાસીઓ માટે એક નવીન નજરાણું ઉમેરવા જઈ રહ્યું છે.આગામી ધનતેરસના દિવસે તા.૨૯ ઓકટોબરના રોજ મંગળવારે દેવભૂમિ દ્વારકાના કપુરડી ચેક પોસ્ટ ખાતે એશિયાઈ સિંહોનું બીજું નવું રહેઠાણ એટલે કે 'બરડા વન્યજીવ અભયારણ્ય' અને બરડા જંગલ સફારી' ફેઝ-૧નો વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરાના વરદ હસ્તે શુભારંભ કરવામાં આવશે.

આ પ્રસંગે જામનગર સંસદ સભ્ય શ્રી પૂનમબેન માડમ, દેવભૂમિ દ્વારકા તેમજ પોરબંદરના ધારાસભ્યશ્રીઓ ખાસ ઉપસ્થિતિ રહેશે તેમ, ગુજરાત વાઈલ્ડલાઈફ પી.સી.સી.એફ શ્રી એન. શ્રીવાસ્તવે જણાવ્યું હતું.

ગુજરાત વાઈલ્ડલાઈફ પી.સી.સી.એફ શ્રી એન. શ્રીવાસ્તવે નવીન બરડા વન્યજીવ અભયારણ્ય વિશે વિગતો આપતાં કહ્યું હતું કે, એશિયાઈ સિંહો વિશ્વમાં ખૂબ પ્રખ્યાત અને માત્ર ગુજરાતના જૂનાગઢ ફોરેસ્ટ રેન્જમાં જોવા મળતા હોય છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર




પટેલના નેતૃત્વમાં વન્યજીવોનું સંરક્ષણ અને સંવર્ધન થઇ રહ્યું છે. જેના પરિણામે હવે બરડાની ટેકરીઓમાં પણ નાગરિકો-પ્રવાસીઓને ગુજરાતનું ગૌરવ સમાન 'એશિયાઈ સિંહ' નિહાળવા મળશે. હાલ ગુજરાતમાં અંદાજે ૬૭૪ એશિયાઈ સિંહો જોવા મળે છે અને હવે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બરડા વન્યજીવ અભયારણ્ય પણ સુરક્ષિત અને કુદરતી વસાહત તરીકે સ્થાપિત થશે તેમ, શ્રી વાસ્તવે ઉમેર્યું હતું.

બરડા વન્યજીવ અભયારણ્યની વિશેષતાઓઃ આ અભયારણ્યમાં વિવિધ પ્રકારની વનસ્પતિઓ, વન્યજીવ તેમજ રંગબેરંગી સ્થાનિક અને યાયાવર પક્ષીઓને વિચરણ માટે જૂનું અને જાણીતું સ્થળ છે અને એની નોંધ સમગ્ર વિશ્વ એ લીધી છે

બરડા વન્યજીવ અભયારણ્યનું વૈવિધ્યસભર નિવસન તંત્ર ૩૬૮ વનસ્પતિ પ્રજાતિઓને આશ્રય આપે છે, જેમાં ૫૯ વૃક્ષો, ૮૩ છોડ, ૨૦૦ ક્ષુપ અને ૨૬ વેલાઓની પ્રજાતિઓનો સમાવેશ થાય છે. જ્યારે વનસ્પતિની ૩૬૮ પ્રજાતિઓમાં, ક્ષુપનું પ્રમાણ સૌથી વધુ ૫૪ ટકા છે. ત્યારબાદ ૨૩ ટકા છોડ, વૃક્ષો ૧૬ ટકા અને વેલાઓ ૦૯ ટકાનો સમાવેશ થાય છે. વનસ્પતિઓમાં રાયણ બરડાની સૌથી મહત્વપૂર્ણ પ્રજાતિઓમાંની એક છે.

બરડા અભયારણ્યમાં જોવા મળતા પશુ- પક્ષીઓઃ લગભગ ૧૪ દાયકા પછી આ જંગલના વિસ્તાર ફરી એક વખત એશિયાઇ સિંહોની હાજરીનું ગૌરવ અનુભવી રહ્યું છે. ઉપરાંત આ અભયારણ્યમાં કુલ ૨૨ સસ્તન પ્રાણીઓની પ્રજાતિઓ માટેનું નિવાસસ્થાન છે,જેમાં સિંહ સિવાય દીપડા,જંગલી બિલાડી, ઝરખ, નોળિયો, વીંજ/નાનું વણીયર, શિયાળ, લોંકડી અને સસલા સામેલ છે. આ ઉપરાંત અભયારણ્ય હરણ, સાબર, ચિત્તલ,નીલગાય અને જંગલી ભૂંડ જેવા પ્રાણીઓનું પણ વસવાટ કરે છે.આ અભયારણ્યમાં પક્ષીઓની ૨૬૯ પ્રજાતિઓનો સમાવેશ થાય છે, જે સૌ નાગરિકો માટે ગૌરવ સમાન છે. જેમાં મોર, તેતર, દૂધરાજ, પીળીચાંચ ઢોંક, બુલબુલ, ચાશ, દેશી નીલકંઠ, શ્વેત કંઠ કલકલિયો જેવા પક્ષીઓ વિચરણ કરતા જોવા મળે છે.

# જાહેર રસ્તાઓ પર ફટાકડા ફોડશો તો પોલીસ ગુનો દાખલ કરશે

## પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાનું જાહેરનામુઃ વિદેશી ફટાકડા પર પ્રતિબંધઃ પ્રદુષણ અટકાવવા લૂમ પણ ફોડી શકાશે નહીંઃ સુપ્રીમ કોર્ટની સૂચના મુજબ આદેશો કરાયા

રાજકોટ, તા.૨૮

રાજકોટમાં જાહેર રસ્તાઓ પર ફટાકડા ફોડશો તો પોલીસ ગુનો દાખલ કરશે. આ અંગે પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા એ જાહેરનામુ પ્રસિદ્ધ કર્યું છે. વિદેશી ફટાકડા પર પ્રતિબંધ મુકાયો છે. પ્રદુષણ અટકાવવા ફટાકડાની લૂમ પણ ફોડી શકાશે નહીં. સુપ્રીમ કોર્ટની સૂચના મુજબ આદેશો કરાયા છે. જાહેરનામામાં પોલીસ કમિશનરે જણાવ્યું છે કે, સુપ્રિમ કોર્ટ સમક્ષની રીટ પીટીશનમાં થયેલ આદેશમાં ફટાકડા સંબંધમાં આપવામાં આવેલ સુચનાઓ તથા પ્રતિબંધિત ફટાકડાના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ સંદર્ભમાં આપવામાં આવેલ સુચનાઓની અમલવારી કરવા હુકમ કરાયો છે.



જેને લઈ દિવાળીના તહેવાર તથા અન્ય તહેવારો નિમિતે ફટાકડાના ઉત્પાદન, વેચાણ તથા ફટાકડા ફોડવા બાબતે આપેલા દિશા નિર્દેશો ઉપરાંત દિવાળીના તહેવારો દરમ્યાન ફોડવામાં આવતા ફટાકડાના કારણે આગ, અકસ્માતના બનાવો ન બને અને જાહેર જનતાની સલામતી માટે અને જાહેર જનતાને અગવડ ન પડે.

તે માટે રાજકોટ શહેર વિસ્તારમાં ખરીદ, વેચાણ અને ફટાકડા ફોડવા અંગે તેમજ તા.૦૯/૧૧/૨૦૨૦ ના રોજ ગ્રીન ટ્રીબ્યુનલ દ્વારા ફટાકડાના વેચાણ/ફોડવા બાબતે પ્રદૂષણનું પ્રમાણ વધે નહીં તે બાબતે દિશા નિર્દેશો આપવામાં આવેલ છે. જે ધ્યાને લેતા રાજકોટ શહેરમાં દિવાળીના તહેવારો દરમ્યાન ગ્રીન ફાયર ક્રેકર્સનો જ ઉપયોગ કરવામાં આવે તે રીતે નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

જેથી સુપ્રિમ કોર્ટ દ્વારા ગ્રીન તથા માન્યતા પ્રાપ્ત કટાકડા કે જે ઓછા એમિશન ઉત્પન્ન કરે છે તેના ઉત્પાદન અને વેચાણની પરવાનગી આપવામાં આવેલ છે. આ સિવાયના તમામ પ્રકારના ફટાકડાના ઉત્પાદન અને વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. ભારે ઘોંઘાટવાળા ફટાકડા સ્વાસ્થ્ય માટે ખુબ હાનીકારક હોવાથી તથા વધુ પ્રમાણમાં હવાનું પ્રદુષણ અને ઘન કચરો પેદા કરતા બાંધેલા ફટાકડા જોઈન્ટ ફાયર ક્રેકર્સ, સિરીઝ ક્રેકર્સ એટલે કે લૂમ વાળા ફટાકડા પર પ્રતિબંધ મુકેલ છે.

ફટાકડાનું વેચાણ માત્ર લાયસન્સધારક વેપારીઓ દ્વારા કરવાનું રહેશે. વિદેશી ફટાકડાની આયાત પ્રતિબંધીત ઘોષીત થયેલ હોય. જેથી કોઈપણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત કરી શકાશે નહી, કે રાખી શકાશે નહી, કે વેચાણ કરી શકાશે નહી. તમામ ઈ-કોમર્સ વેબસાઈટને ઓનલાઈન તમામ પ્રકારના ફટાકડાના વેચાણ પર પ્રતિબંધ મુકેલ છે. દિવાળી - દેવ દિવાળી, તથા અન્ય તહેવાર દરમ્યાન ફટાકડા રાત્રીના ૮ વાગ્યાથી રાત્રીના ૧૦ વાગ્યાં સુધી ફોડી શકાશે. હાનિકારક ધ્વની પ્રદુષણ રોકવા માટે પીઈએસઓ સંસ્થા દ્વારા અધિકૃત બનાવટવાળા ફટાકડા વેંચી કે ફોડી શકાશે. રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેંટ સમગ્ર વિસ્તારમાં આવેલ તમામ કોર્ટ કચેરી, હોસ્પિટલ, શાળાઓ, કોલેજો - શૈક્ષણિક સંસ્થાઓ, ધાર્મિક સ્થળો, એરપોર્ટની નજીક ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારને સાયલેન્ટ ઝોન તરીકે ગણવામાં આવશે અને ત્યાં કોઈ પણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહી. કોઈ પણ પ્રકારના સ્કાય લેન્ટન (ચાઈનીઝ તુક્કલ, આતશબાજી બલૂન) નું ઉત્પાદન તથા વેચાણ કરી શકાશે નહી. તેમજ કોઈ પણ સ્થળે ઉડાડી શકાશે નહી. લોકોને અગવડ ઉભી ન થાય, કોઈ પણ ભયજનક પરિસ્થિતીનું નિર્માણ ન થાય તે માટે રાજકોટ શહેરના બજારો, શેરીઓ, જાહેરરસ્તાઓ, ધાર્મિકસ્થળો, પેટ્રોલપંપ, સી.એન.જી.પંપ, એલ.પી.જી., બોટલિંગપ્લાન્ટ, એલ.પી.જી. ગેસના સ્ટોરેજ અન્ય સળગી ઉઠે તેવા પદાર્થોનો સંગ્રહ કરેલા ગોદામો તથા હવાઈ મથકની નજીક કોઈ પણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહી. દિવાળીના તહેવાર દરમ્યાન પ્રદુષણનું પ્રમાણ વધે નહીં તે માટે માત્ર પીઈએસઓ સંસ્થા દ્વારા અધિકૃત બનાવટવાળા ફટાકડા જ વેચી કે ફોડી શકાશે. બનાવવા માટે બેરીયમના ઉપયોગ પર સુપ્રિમ કોર્ટે પ્રતિબંધ મુકેલ છે.

સર્વોચ્ચ અદાલત દ્વારા ફટાકડા ફોડવા સંબંધમાં આપેલ માર્ગદર્શક સુચનાઓનો ભંગ થતો હોવાની વિગતો ધ્યાને આવેલ હોવાનું દર્શાવી વખત નારાજગી વ્યકત કરેલ છે. ગ્રીન ક્રેકર્સ ના નામે પ્રતિબંધિત કટાકડાનું ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ થાય છે અને ઘણા કિસ્સામાં ફટાકડાના બોકસ કવર પરનો કયુ.આર.કોડ પણ નકલી હોવાનું જણાવેલ છે. જાહેર સ્વાથ્ય કે પર્યાવરણના ભોગે કોઈ ઉજવણી ન થઈ શકે તે બાબતે પર ભાર આપી સુપ્રિમ કોર્ટ દ્વારા રીટ પિટીશન (સિવિલ) નં.૭૨૮/૨૦૧૫ માં તા.૨૯/૧૦/૨૦૨૧ ના હુકમ(એનેક્ષર-૫) પ્રતિબંધિત ફટાકડાના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ સંદર્ભે આપવામાં આવેલ સુચનાઓની સંપુર્ણપણે તથા સાચા અર્થમાં અમલવારી કરવા હુકમ કરવામાં આવેલ છે.

# નવા રીંગરોડ-૨ ઉપરથી દારૂની ૯૬ બોટલ ઝડપાઈ, શાપરના ૨ અને એમપીનો એક શખ્સની ધરપકડ

## પીસીબીની કાર્યવાહી, કાર સહીત ૩.૩૮ લાખનો મુદ્દામાલ જપ્ત

રાજકોટ, તા.૨૭

ભાવનગર હાઈવેથી રાજકોટ તરફના નવા રીંગરોડ-૨ ઉપર શિવશક્તિ હોટેલના સામેના ભાગે રોડ ઉપરથી મારૂતી વેગનઆર કારમાંથી ઇંગ્લીશ દારૂના જથ્થા સાથે પી.સી.બી.ની ટીમે બે શખ્સને દબોચી લીધા હતા. પાછળથી નામ ખુલતા એમપીના શખ્સની પણ ધરપકડ કરાઈ હતી.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયાએ રાજકોટ શહેરમાં દારૂની બદી નેસ્ત નાબુદ કરવા અને અસરકારક કામગીરી કરવા સુચના આપેલ. જે સુચના અન્વયે પી.સી.બી. પીઆઇ એમ.આર.ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલીંગમાં હતી. જે દરમ્યાન કોન્સ્ટેબલ કુલદીપસિંહ, યુવરાજસિંહ, વિજયભાઇને મળેલ



સયુંકત હકીકત આધારે વોચ ગોઠવી કારમાંથી દારૂની બોટલો સાથે પ્રેમજી ઉર્ફે પ્રેમ મોહન રાઠોડ (ઉ.વ.૨૮, રહે. મારૂતી પાર્ક સોસાયટી શેરી નં.૨, શીતળા માતાજીના મંદીર પાસે શાપર-વેરાવળ) અને જગદીશ ઉર્ફે જગો પાલજી રાઠોડ (ઉ.વ.૩૧, રહે. મારૂતી પાર્ક સોસાયટી શેરી નં. ૧, શીતળા માતાજીના મંદીર પાસે શાપર-વેરાવળ) ને ઝડપી લીધા હતા. કારમાંથી દારૂની રૂ. ૩૮૪૦૦ની કિંમતની ૯૬ બોટલો મળી હતી. જીજે ૦૧ કેડી ૩૫૯૮ નંબરની વેગનાર કાર મળી રૂ. ૩.૩૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો.

આરોપીઓની પૂછપરછમાં કૈલાશ ઉર્ફે છોટુ નર્મદા પ્રસાદ (ઉં.વ. ૨૪, રહે- રહે.હુરડુઆ સુમેરશીંગ ગામ, જાબીરા થાના મધ્યપ્રદેશ)નું નામ ખુલતા પોલીસે તેની પણ ધરપકડ કરી હતી. આ કામગીરીમાં પીઆઇ એમ.આર.ગોંડલીયા, પીએસઆઇ એમ.જે. હુણ, પી.બી.ત્રાજીયા એ.એસ.આઇ. મયુરભાઈ પાલરીયા, સંતોષભાઈ મોરી, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, હેડ કોન્સ્ટેબલ કિરતસિંહ ઝાલા, કરણભાઇ મારૂ, ઘનશ્યામસિંહ ચૌહાણ, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, રાહુલગીરી ગૌસ્વામી, ગીરીરાજસિંહ જાડેજા, કોન્સ્ટેબલ યુવરાજસિંહ રાણા, વિજયભાઈ મેતા, કુલદિપસિંહ જાડેજા, દેવરાજભાઈ કળોતરા, વાલજીભાઈ જાડા, નગીનભાઈ ડાંગર, હિરેનભાઈ સોલંકી ફરજ પર રહ્યા હતા.

# આટકોટમાં SMCનો દરોડો: બે કારમાં લઈ જવાતો ૧૨૦૦ લીટર દેશી દારૂ ઝડપાયો



રાજકોટ, તા.૨૭

આટકોટમાં ગઈકાલે એસએમસીએ દરોડો પાડ્યો હતો. બે કારમાં લઈ જવાતો ૧૨૦૦ લીટર દેશી દારૂ ઝડપાયો હતો. જેમાં રાજકોટના બે આરોપી પકડાયા હતા. જયારે ચોટીલાના ખાટડી અને કુલજરના સપ્લાયર અનખું, વનરાજ, ચેતન, કુલદીપ તેમજ દારૂનો ધંધો ચલાવતા રાજકોટના રાજુ કાઠીનું નામ ખુલ્યું હતું. બે કાર સહીત ૭.૫૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. મોનીટરીંગ સેલની કડક કાર્યવાહીથી ગુજરાતભરમાં ગુનેગારો થરથર ધ્રૂજે છે ત્યારે ડીજીપી વિકાસ સહાયની સૂચનાથી સ્ટેટ મોનિટરિંગ સેલના એડિશનલ ડીજી આર.બી.બ્રહ્મભટ્ટ, એસપી નિર્લિપ્ત રાય, ડીવાયએસપી કે.ટી.કામરિયાના માર્ગદર્શન હેઠળ એસએમસીના પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ સતત કાર્યવાહીમાં એક્ટિવ છે. ગઈકાલે પીએસઆઈ બી. એન. ગોહિલ અને તેમની ટીમે આટકોટ ભાવનગર રોડ પર વોચ ગોઠવી બે કારમાં જતો દારૂનો જથ્થો ઝડપી લીધો હતો.₹એસએમસી દ્વારા ઈનોવા કારનો ચાલક (૧) ધનજી ખેંગાર ચૌહાણ (ઉ.વ ૪૩ રહે. માંડાડુંગર પીઠળ આઇ સોસાયટી, રાજકોટ), સેંટ્રો કારનો ચાલક (૨) જયરાજ કનુ બોરીચા (ઉ.વ ૩૩, રહે. હરીઓમ પાર્ક સોસાયટી, કોઠારીયા રોડ રાજકોટ), દારૂનો ધંધો ચલાવનાર (૩) રાજુ કાઠી (રહે રાજકોટ), દારૂનો જથ્થો ભરી આપનાર (૪) અનખુ (રહે ખાટડી તા. ચોટીલા), (૬) ચેતન મેરૂ વિકમા (રહે. કુલજર ગામ તા.ચોટીલા), દારૂનો જથ્થો મંગાવનાર (૫) વનરાજ પિરૂ વિકમા (રહે. કુલજર ગામ તા.ચોટીલા), દારૂનો જથ્થો ગ્રાહક સુધી પહો ચાડનાર (૭) કુલદીપ મેરૂ વિકમા (રહે કુલજર ગામ તા.ચોટીલા) સામે આટકોટ પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે.

# ધરતીપુત્રનો આપઘાત, પત્ની-બે પુત્રો નિરાધાર

## રાજકોટના સરધારમાં કમોસમી વરસાદથી બે-બે વખત પાક ધોવાતા ખેડૂતે ઝેરી દવા ગટગટાવી; ફોટો હાથમાં રાખી પરિવારનો કલ્પાંત

રાજકોટ,તા.૨૮

કમોસમી વરસાદને કારણે બે એકર જમીનનો તૈયાર પાક ધોવાઈ જતાં રાજકોટના સરધાર ગામના ખેડૂતે ઝેરી દવા ગટગટાવી આપઘાત કરી લીધો છે. ખેડૂતના મોતને પગલે તેની પત્ની અને બંને પુત્રો ચોધાર આસુએ રડ્યાં હતાં. બન્ને પુત્રોએ પિતાની ફોટો ફ્રેમને હાથમાં રાખી પિતાને પરત લઈ આવો તેવો પોકાર કર્યો હતો. પરિવારનો મુખ્ય આધાર જ છીનવાઈ જતા પત્ની અને બંને પુત્રો નોંધારાં બની ગયાં છે.

રાજકોટના સરધાર ગામે રહેતા ૪૨ વર્ષીય જેસીંગભાઈ અરજણભાઈ મકવાણાએ ૨ એકર જમીનનો પાક સદંતર નિષ્ફળ જતા અંતિમ પગલું ભરી લેતા ચકચાર મચી જવા પામી છે. આ વચ્ચે દિવ્ય ભાસ્કરની ટીમ રાજકોટ શહેરથી ૩૦ કિલોમીટર દૂર આવેલા સરધાર ગામે પહોંચી તો ત્યાં





હૃદયદ્રાવક દૃશ્યો સર્જાયાં હતાં. ખેડૂતનાં પત્ની અને બંને પુત્રો ચોધાર આસુએ રડી રહ્યા હતા. બન્ને પુત્રો પિતાની ફોટો ફ્રેમને હાથમાં રાખી રડી પડ્યા હતા અને મારા પિતાને પરત લઈ આવો તેવો પોકાર કર્યો હતો. આ વચ્ચે મૃતક ખેડૂતના સગા ભાઈએ બે હાથ જોડીને સરકાર પાસે ખેડૂતોને સહાય આપવાની માંગણી કરી હતી. પરિવારનો મુખ્ય આધાર જ છીનવાઈ જતા પત્ની અને બંને પુત્રો નોંધારાં બની ગયાં છે.મૃતકના મોટાભાઈ બાબુભાઈએ જણાવ્યું હતું કે, મારો નાનો ભાઈ જેસીંગભાઈ ખેતી કામ કરતો હતો. તેણે ૨ વખત ધાણા વાવ્યા બાદ વરસાદને કારણે સમગ્ર પાક ધોવાઈ ગયો હતો. જે બાદ મગફળી વાવી હતી તે પણ અડધી બગડી ગઈ હતી. ૨ એકર જમીનમાં વાવેલો તમામ પાક નિષ્ફળ જતા અંદાજે રૂ. ૨ લાખનું નુકસાન પહોંચ્યું હતું. આ કારણે ગઈકાલે બપોરે ૧૨થી ૧ વાગ્યામાં ગાળામાં તેઓ ઘરે એકલા હતા તે દરમિયાન ઝેરી દવા પી લીધી હતી. અમે તાત્કાલિક તેને ગોંડલ હોસ્પિટલ લઈ ગયા હતા, પરંતુ ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવાનું કહેવામાં આવ્યું હતું. જોકે, ગોંડલ ચોકડી પહોંચ્યા ત્યાં જ મારા ભાઈએ દમ તોડી દીધો હતો.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મારા ભાઈના પરિવારમાં પત્ની અને બે પુત્ર છે. જેસીંગભાઈનાં પત્નીનું નામ હંસાબેન છે. પુત્ર ક્રિશની ઉંમર ૧૮ વર્ષની છે, જે ધોરણ ૧૨માં અભ્યાસ કરે છે, જ્યારે નાના પુત્ર નયનની ઉંમર ૧૪ વર્ષની છે, જે ધોરણ ૯માં અભ્યાસ કરે છે. ખેડૂતોની કપરી પરિસ્થિતિ અંગે તેઓએ કહ્યું કે ખેડૂતોને પાક નિષ્ફળ જતો હોય તો સરકારે તેમાં કંઈક સમજવું જોઈએ. રાજ્ય સરકારે નિયમ મુજબ સહાય આપવી જોઈએ.

ભાઈઓમાં રાજેશભાઈ નાના અને બાબુભાઈ મોટાભાઈ છે. વચેટ જેસીંગભાઈ અરજણભાઈએ ઘઉંમાં નાખવાના ટીકડા ખાઈને આપઘાત કરી લીધો છે. જેમના મૃત્યુથી બે સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી છે, તેમનાં પત્ની પણ પતિના મૃત્યુથી ભાંગી પડ્યાં છે. પરિવારનો આધારસ્તંભ છીનવાઈ જતા પરિવાર પર આભ તૂટી પડ્યું છે. સરધાર ગામના ખેડૂત આગેવાન ગોવિંદ મકવાણાએ જણાવ્યું હતું કે, આ ગામમાં ૧૫૦૦થી ૨૦૦૦ જેટલા ખેડૂતો ખેતી કરી રહ્યા છે.


વધાઈ...
વધાઈ...
વધાઈ...
॥ શ્રીહરિઃ ॥
॥ શ્રીવલ્લભઃ ॥
॥ શ્રીવ્રજચંદ્ર રસિકપ્રીતમૌ વિજયેતે ॥
अमंगलानां शमनं मंगलानां महोदयम्
गोपाङ्गनानां सौभाग्यं श्री व्रजेन्दं वयं नमः ॥
શ્રીવિરાટ વાજપેય મહાસોમયજ્ઞ મહોત્સવ
-:: શ્રીવિષ્ણુ ગોપાલ યજ્ઞ ::-
-:: શ્રી...ના વિવિધ મનોરથો ::-
અનંતશ્રી વિભૂષિત સાગ્નિચિત દીક્ષીત નિત્ય અગ્નિહોત્રી વાજપેયી
પ.પૂ.ગો.૧૦૦૮ શ્રી રઘુનાથજી મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. દિક્ષીત પત્ની શ્રી જાનકી વહુજી
ઉદીયમાન આચાર્ય ચિ.ગો.શ્રી ગિરધરબાવા, ઉદીયમાન આચાર્ય ચિ. ગો.શ્રી ગોવિંદબાવા
(વિરમગામ-જૂનાગઢ-અમદાવાદ-કામવન)
રાજકોટની પાવનભૂમિ ઉપર જ્ઞાન-કર્મ-ભક્તિના સમન્વયરૂપ શ્રીવિરાટ વાજપેય મહાસોમયજ્ઞ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. સર્વે વૈષ્ણવોને લાભ લેવા વિનંતી...
તા. ૨૨-૧૧-૨૦૨૪ થી તા. ૨૭-૧૧-૨૦૨૪ । સમય : સવારે ૮-૦૦ થી રાત્રે ૯-૦૦ પર્યંત
સ્થળ : ત્રીકોણબાગ, શાસ્ત્રીમેદાન, રાજકોટ.
કાર્યાલય સ્થળ : ૧-પારસમણી કોમ્પલેક્ષ, રાજમંદિર કોલ્ડ્રીંકસ પાસે, પેલેસ રોડ, રાજકોટ.
વધુ માહીતી માટે સંપર્ક સુત્ર
વ્રજેશભાઇ આડેસરા ૮૯૮૦૭ ૩૨૧૩૧
અજયભાઇ ફીચડીયા ૮૭૩૪૯ ૩૨૪૩૨
વિરેનભાઇ પારેખ ૯૪૨૮૨ ૦૩૮૫૫
કમલેશભાઇ ધોળકીયા ૮૦૦૦૬ ૦૮૮૮૦
વિનુભાઇ વઢવાણા ૯૪૨૬૨ ૫૧૧૧૭
અશોકભાઇ પાટડીયા ૯૫૫૮૧ ૫૬૯૦૪
વિજયભાઇ પાટડીઆ ૯૮૨૪૨ ૪૮૩૮૮
નિતીનભાઇ (બહેરીન) ૯૭૩૭૩ ૮૪૨૮૨
રાજુભાઇ કાત્રોડીયા ૯૪૨૭૨ ૨૧૮૯૭
ભરતભાઇ માંડલીયા ૯૯૨૫૪ ૯૧૯૯૬
જસુભાઇ ફીચડીયા ૯૪૨૮૨ ૭૬૬૬૦
જીજ્ઞેશભાઇ ફીચડીયા ૯૪૨૮૨ ૭૦૩૨૫
ચંદ્રેશભાઇ પાટડીયા ૯૬૬૨૮ ૯૯૦૧૧

1/1

શ્રી ગણેશાય:નમ:

રાધેકૃષ્ણ

NAMRTA GREEN FOUNDATION

## જાહેર આમંત્રણ

## નમ્રતાગ્રીન ફાઉન્ડેશન રાજકોટ
## ગ્રીન ગ્રુપ ચેરીટેબલ ટ્રસ્ટ ખાંભા

આયોજિત પ્રથમ સર્વ જ્ઞાતિય સમૂહ લગ્નોત્સવ

11 દીકરીઓના ભવ્ય સમૂહ લગ્નોત્સવ

રાજકોટના આંગણે સમૂહ લગ્નોત્સવ

9824847421
9409699953

## લગ્ન તારીખ..25/01/2025

જે પણ દાતાશ્રી રૂ.2100 નું દાન ટ્રસ્ટ ને આપશે તેમનું નામ કંકોત્રીમાં લખવામા આવશે

ઓફીસ...જય તુલજા ભવાની તુલસી તેલ ડેપો વિવેકાનંદ નગર કોઠારીયા મેઈન રોડ રાજકોટ


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS
GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111
KALAVID

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Daily Morning Newspaper



ડિજિટલ ભારતની સાથે
તમે પણ બનો ડિજિટલ...



તમારા ધંધા-વેપારની
જાહેરાત 'સામના મિરર'માં
આપી આપના
વ્યવસાયને પહોંચાડો
લાખો વાંચકો સુધી...





મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા
વોટ્સએપ પર
Hi લખીને મોકલો
98983 17826



અને જોડાઇ જાવ અમારી સાથે...


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઇઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા
માટે આપેલ QR CODE SCAN
કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71

SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

# સેફાયર છે ને.. !!
# શું કામ ન મળે સપનાનું ઘર...

| 2 BHK Flats | 3 BHK Flats |
|---|---|
| 618 Carpet | 824 Carpet |

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

# PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**
**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062